પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૩૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૩૦-૦૧-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 134 PRICE :-RS. 1.50 DATE : 30-01-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દિલ્હી-હરિયાણા બોર્ડર પર આંદોલનકારી ખેડૂતો અને સ્થાનિકો વચ્ચે હિંસક અથડામણ




ન્યુ દિલ્હી,

દિલ્હીની સિંઘુ બોર્ડર પર જોરદાર બબાલ ચાલું થઈ છે. અહીં પર ખેડૂત પ્રદર્શનકારીઓ અને સ્થાનિક પ્રદર્શનકારીઓની વચ્ચે પથ્થરમારો થયો છે. સાથે જ બંને જૂથોની વચ્ચે ઘર્ષણ થયું છે. બબાલની વચ્ચે રહેલી પોલીસે પણ પ્રદર્શન કરી રહેલા લોકો પર લાઠીચાર્જ કર્યો છે. શુક્રવારની સવારે જ દિલ્હી ની સિંઘુ બોર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા હતા. અહીં "તિરંગે કા અપમાન, નહી સહેગા હિન્દુસ્તાન"ના નારા લાગ્યા અને તરત હાઈવે ખાલી કરવાની માંગ કરી છે.

બંને ટોળા વચ્ચે ચાલી રહેલા પથ્થરમારા અને સંઘર્ષ વચ્ચે પોલીસે પણ લાઠીચાર્જ કર્યો છે અને પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયત્ન કર્યો છે. જો કે આ બબાલની વચ્ચે અનેક લોકો ઘાયલ થયા છે અને પોલીસ કર્મચારીઓને પણ ઈજા થઈ હોવાના સમાચાર છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારના સવારે જ દિલ્હી સિંઘુ બોર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા હતા. ગુરૂવારના સ્થાનિક લોકોએ સિંઘુ બોર્ડર પર ધરણાની વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતુ. આ લોકોએ ખુદને હિંદુ સેનાના ગણાવ્યા હતા અને કહ્યું હતુ કે લાલ કિલ્લા પર તિરંગાનું અપમાન થયું છે એ સહન નહીં કરવામાં આવે.

સિંઘુ બોર્ડર પર પોલીસે બંને ટોલા વચ્ચે થઈ રહેલા ઘર્ષણને રોકવા માટે લાઠીચાર્જ કર્યો છે અને ટીયર ગેસના સેલ છોડ્યા છે. અહીં તલવાર અને અન્ય હથિયારો તેમજ પથ્થરોથી હુમલો થયો છે. સિંઘુ બોર્ડર પર ગુસ્સે ભરાયેલા ગ્રામીણોની ભીડને નિયંત્રિત કરવામાં પોલીસ લાગી છે અને લાઠી ચાર્જ તેમજ ટીયર ગેસનો ઉપયોગ કર્યો છે. ઉલ્લેખનીય છે કે પોલીસે ગ્રામીણોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેઓ માન્યા નહીં. પોલીસે ગ્રામીણો પર જોરદાર લાઠીચાર્જ શરૂ કરી દીધો, આંસૂ ગેસના ગોળા પણ છોડવામાં આવી રહ્યા છે. પોલીસ પર તલવારથી હુમલો કરવામાં આવ્યો જેમાં ૧ પોલીસ જવાન ઘાયલ થયો છે.

## ત્રીજી માર્ચે નવમી વાર બજેટ રજૂ કરશે નીતિન પટેલ



નાણાપ્રધાન નીતિન પટેલ

અમદાવાદ,

રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર એક માર્ચથી શરૂ થશે. વર્ષ ૨૦૨૧-૨૨નું બજેટ નાણાપ્રધાન અને ઉપ મુખ્ય પ્રધાન નીતિન પટેલ ત્રીજી માર્ચે રજૂ કરશે. આ બજેટ સત્ર ૨૪ દિવસનું રહેશે, જેમાં ગૃહમાં લવ જેહાદ સહિત અનેક સુધારા ખરડા રજૂ કરવામાં આવે એવી શક્યતા છે. જોકે બજેટ સત્ર તોફાની બની રહે એવી ધારણા છે. આ બજેટ તૈયાર કરવા સરકારના તમામ ૨૬ વિવિધ વિભાગ સાથે છેલ્લા એક સપ્તાહથી નાણાપ્રધાન સાથે બેઠકોનો દોર ચાલી રહ્યો છે અને બજેટને આખરી ઓપ આપવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સાથે વિચારવિમર્શ કરી બજેટને અંતિમ રૂપ આપવામાં આવશે.

આ વખતે નવમી વખત વિધાનસભામાં રાજ્યનું બજેટ રજૂ કરશે. રાજ્ય વિધાનસભા બજેટ સત્રમાં પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહને સંબોધિત કરશે. રાજ્યપાલના સંબોધન બાદ રાજ્યના ભૂતપૂર્વ બે મુખ્ય પ્રધાન માધવસિંહ સોલંકી અને કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. થોડા દિવસો પહેલાં જ ગુજરાતના આ પૂર્વ મુખ્ય પ્રધાનોના નિધન થયાં છે. રાજ્યપાલના સંબોધન પછી આભાર વ્યક્ત કરવા ત્રણ દિવસ ચર્ચા કરવામાં આવશે, જ્યારે બજેટ પર સામાન્ય ચર્ચા માટે પાંચ દિવસ ફાળવવામાં આવશે. બજેટનીની માગ પર ૧૨ દિવસ ચર્ચા થશે.

આ દરમ્યાન વિપક્ષ સુધારા સહિતના વિધેયકો પ પર હંગામો કરે એવી સંભાવના છે. રાજ્ય સરકાર ગૃહમાં લવ જેહાદ સહિત અનેક સુધારા બિલ રજૂ કરશે, જ્યારે કેગનો ઓડિટ રિપોર્ટ પણ બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે. રાજ્યના નાણાપ્રધાન નીતિન પટેલે ગયા વર્ષે ૨૦૨૦-૨૧નું રૂ. ૨,૧૭,૨૮૭ કરોડનું બજેટ રજૂ કર્યું હતું.

## ચૂંટણી પંચે બહાર પાડેલા પરિપત્રને હાઈકોર્ટમાં પડકારાયો

અમદાવાદ,

સ્થાનિક સ્વરાજની ચૂંટણી મામલે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. ચૂંટણીપંચે બહાર પાડેલા પરિપત્રને હાઈકોર્ટમાં પડકારાયો છે. મહાનગરોની ચૂંટણીનાં પરિણામ બાદ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચૂંટણીનું મતદાન થાય તો મુક્ત અને ન્યાયી ચૂંટણીપ્રક્રિયા પ્રભાવિત થઈ શકે એવી અરજદારે કોર્ટમાં રજૂઆત કરી છે, સાથે જ અરજદારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરીની તારીખ એક જ રાખવી જોઈએ એવી રજૂઆત કરી છે. હાઈકોર્ટ દ્વારા આગામી દિવસોમાં સુનાવણી હાથ ધરાશે.

સ્થાનિક સ્વરાજ્યની અલગ અલગ ચૂંટણીને લઈને ગુજરાત કોંગ્રેસ-પ્રમુખ અમિત ચાવડાએ ટ્વીટ કર્યું હતું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને અમે તૈયાર છીએ. વર્ષ ૨૦૧૫માં હાઈકોર્ટેના આદેશ બાદ પણ ભાજપના દબાણમાં મતગણતરીની અલગ અલગ તારીખ જાહેર કરાઈ છે. ચૂંટણીપંચના આ નિર્ણયને અમે કોર્ટમાં પડકારીશું.

## જમ્મુ-કાશ્મીરના ત્રાલમાં સર્ચ ઓપરેશન દરમિયાન ત્રણ આતંકીઓનો ખાતમો

શ્રીનગર,

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદનો સફાયો કરવાના અભિયાન હેઠળ સ્થાનિક પોલીસ અને કેન્દ્રિય સુરક્ષા દળની સંયુક્ત ટીમે ત્રાલ ખાતે ત્રણ આતંકીઓનો સફાયો કરી નાંખ્યો હતો. દક્ષિણ કાશ્મીરના અવંતીપોરા જીલ્લાના ત્રાલમાં સુરક્ષા દળ અને સંતાયેલા આતંકીઓ વચ્ચે ભારે સંઘર્ષ થયો હતો. પોલીસ અને સુરક્ષા દળની સંયુક્ત ટીમને વિસ્તારમાં આતંકી છુપાયા હોવાની માહિતી મળી હતી, જે પછી સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ ઓપરેશન દરમિયાન આતંકીઓએ પોલીસ અને સુરક્ષા દળની સંયુક્ત ટુકડી પર ગોળીબીર કરી હતી. જે પછી સંઘર્ષ દરમિયાન ત્રણ આતંકીઓ માર્યા ગયા હતા. જોકે પોલીસ કે સુરક્ષા દળ દ્વારા માર્યા ગયેલા આતંકીઓની ઓળખ જાહેર કરાઈ ન હતી. માહિતી મુજબ આ વિસ્તારમાં સંયુક્ત ટીમ દ્વારા સર્ચ ઓપરેશન ચાલુ રાખવામાં આવ્યું હતું. આ પહેલા રાઝોરીમાં એક ધાર્મિક સ્થળની દિવાલ પાસે ભેદી વિસફોટ થયો હતો. જેની સેના અને પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે.

### ખેડૂતોને લાલ કિલ્લામાં કોણે ઘુસવા દીધા, ગૃહમંત્રીને પૂછોઃ રાહુલ ગાંધી

## ખેડૂતો સાથે ગુનેગારો જેવો વ્યવહાર, સરકાર ત્રણેય કૃષિ કાયદા જલ્દી પરત લે



ન્યુ દિલ્હી,

કૃષિ કાયદાના વિરોધમાં ૨૬ જાન્યુઆરીએ થયેલી હિંસા તેમજ સિંઘુ બોર્ડર પર ખેડૂતો પર થયેલા હુમલાને લઈ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદ કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યુ કે, "ખેડૂતો સાથે ગુનેગારો જેવો વ્યવહાર કરવામાં આવ્યો છે, ખેડૂતો વિરૂદ્ધ એનઆઈએનો ઉપયોગ કરવામાં આવ્યો, સરકાર ત્રણેય કૃષિ કાયદાને જલ્દી પરત લે.

રાહુલ ગાંધીએ કહ્યુ કે ખેડૂતોના આંદોલન સાથે શું ચાલી રહ્યુ છે, તમે જાણો છો. ખેડૂતોને મારવામાં આવી રહ્યા છે, તેમણે ડરાવવામાં આવી રહ્યા છે, આપણે બધા જાણીયે છીએ કે શું ચાલી રહ્યુ છે. પ્રથમ કાયદો મંડી વ્યવસ્થાને ખતમ કરી દેશે. બીજો કાયદો કૃષિ વ્યવસ્થાને ખતમ કરી દેશે, જેનાથી સૌથી મોટા ઉદ્યોગપતિ જેટલુ પણ અનાજ જમા કરવા ઈચ્છે તે કરી શકે છે, જેનાથી ખેડૂત ભાવને નેગોશિયટ નથી કરી શકતો. ત્રીજો કાયદો એ છે કે ખેડૂત આ મામલે કોર્ટમાં નથી જઈ શકતા. આ પુરી રીતે ક્રિમિનલ એક્ટ છે, જેને પરત લેવા જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે ખેડૂતો સાથે વાતચીત કરી સમાધાન કાઢવુ જોઈએ. પ્રજાસત્તાક દિવસે લાલ કિલ્લા પર થયેલા પ્રદર્શન પર રાહુલ ગાંધીએ કહ્યુ, લાલ કિલ્લામાં લોકોને પરવાનગી કેમ આપવામાં આવી? તેમણે કેમ રોકવામાં ના આવ્યા? ગૃહમંત્રીને પૂછો કે ઉદ્દેશ્ય શું હતો, તે લોકોને પરિસર અંદર જવા દેવાનો. રાહુલ ગાંધીએ કહ્યુ કે, આ આંદોલન હવે શહેરથી ગામ તરફ જશે. હું ખેડૂતો સાથે છું. વડાપ્રધાન એમ ના વિચારે કે આ આંદોલન અહી જ ખતમ થઈ જશે. મહત્વપૂર્ણ છે કે પ્રજાસત્તાક દિવસે ખેડૂતોએ ટ્રેક્ટર રેલી કાઢી હતી. આ દરમિયાન કેટલીક જગ્યાએ હિંસાની ઘટના બની હતી. પ્રદર્શનકારીઓએ લાલ કિલ્લામાં એક ધ્વજ ફરકાવ્યો હતો.

## સામાજિક કાર્યકર અન્ના હઝારે આજથી આમરણ ઉપવાસ શરુ કરશે




રાલેગણ સિદ્ધિ,

ભારતીય લશ્કરના નિવૃત્ત સૈનિક અને સામાજિક કાર્યકર અન્ના હજારે રાષ્ટ્રપિતા ગાંધીજીની પુણ્યતિથિ એટલે કે ૩૦ જાન્યુઆરી શનિવારથી આમરણ ઉપવાસ પર ઊતરશે. હાલ ચાલી રહેલા ખેડૂત આંદોલનના ટેકામાં અન્નાએ કહ્યું કે ખેડૂતો માટે રચાયેલા સ્વામીનાથન પંચના રિપોર્ટનો અમલ કરવા માટે હું સતત ૨૦૧૮થી કેન્દ્ર સરકારને વિનંતી કરતો રહ્યો છું. પરંતુ મારી વિનંતી એળે ગઈ હોય એવું આ ખેડૂત આંદોલન પરથી લાગે છે.

હાલ આંદોલન કરી રહેલા ખેડૂતોના ટેકામાં અન્નાએ શનિવાર ૩૦ જાન્યુઆરીથી આમરણ ઉપવાસ પર ઊતરવાની ધમકી આપી હતી.

અન્નાના વતન રાલેગણ સિદ્ધિ ગામના યાદવબાબા મંદિરમાં અન્ના ઉપવાસ પર ઊતરશે. જો કે કેન્દ્રના ખેતીવાડી ખાતાના રાજ્ય પ્રધાન કૈલાસ ચૌધરી આજે રાલેગણ સિદ્ધિ પહોંચી રહ્યા હતા. અત્યાર અગાઉ મહારાષ્ટ્ર વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર હરિભાઉ બાગડે, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસ, ભાજપના નેતા રાધાકૃષ્ણ વિખે પાટિલ, અહમદનગરના સાંસદ સુજય વિખે પાટિલ વગેરે નેતાઓ રાલેગણ સિદ્ધિની મુલાકાતે ગયા હતા અને અન્નાને સમજાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ એનું કોઈ અનુકૂળ પરિણામ આવ્યું નહોતું. સ્વામીનાથન પંચના રિપોર્ટ અને ટેકાના લઘુતમ ભાવની માગણી સાથે અન્ના મક્કમ હતા.

## કચ્છમાં ઉપરાઉપરી ભૂકંપના ૪ આંચકા આવ્યા, અડધી રાત્રે ઘર બહાર દોડ્યા લોકો



કચ્છ,

કચ્છની ધરા ફરી એકવાર ધણધણી ઉઠી છે. આજે સવારે કચ્છમાં ઉપરાઉપરી ભૂકંપના ચાર આંચકા અનુભવાયા છે. ઉપરાઉપરી ચાર આંચકાથી લોકો ભયભીત બની ગયા હતા અને ઘરમાંથી દોડીને બહાર આવી ગયા હતા. કચ્છમાં ભૂકંપના આંચકાનો સિલસિલો યથાવત છે. કચ્છમાં આજે ફરી ભૂકંપના આંચકા અનુભવાયા છે. એક નહિ, ચાર આંચકા અનુભવાયા છે. આજે સિસ્મોલોજી યંત્ર પર ચાર આંચકા નોંધાયા છે. મોડી રાત્રે ૨.૦૭ વાગે ૩૬ કિલોમીટર એનએનઈ ખાવડા પાસે ૧.૫ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. તો તેના થોડા સમય બાદ રાત્રે ૨.૧૧ કલાકે ૧.૩ ની તીવ્રતાનો આંચકો ૪૧ કિલોમીટર દ્રદ્રઈ ખાવડા પાસે નોંધાયો હતો. તો મોડી રાત્રે ૨.૧૪ કલાકે ૯ કિલોમીટર દૂર એનએનઈડબલ્યુ દુધઈ પાસે ૨.૨ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. તો તેના બાદ સવારે ૬.૨૯ કલાકે ૨૨ દ્ધ એનએનઈ ભચાઉ પાસે ૧.૨ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો.

તમામમાં ભૂકંપની તીવ્રતાતો ઓછી હતી, પરંતુ ઉપરાઉપરી આંચકાથી લોકો ભયભીત થઈ રસ્તા પર દોડી આવ્યા હતા. તો સાથે જ અનેક લોકો ડરી ગયા હતા. એક તરફ કચ્છમાં રણપ્રદેશ હોવાથી કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે. તો બીજી તરફ નીચે ધરા ધ્રૂજી રહી છે. બે કુદરતી આફતો સહન કરી રહેલા કચ્છવાસીઓ માટે આખુ વર્ષ આવી રીતે જ પસાર થતું હોય છે. ભૂકંપના અતિ સક્રિય એવા ઝોન-૫માં આવતા કચ્છમાં સમયાંતરે નાના-મોટા અને અતિ વિનાશકારી આંચકા પેટાળને હલબલાવી નાંખતા હોય છે.

કચ્છ મેઈન લેન્ડ ફોલ્ટ લાઈન ફરી સક્રિય બનતાં આગામી વર્ષોમાં કચ્છમાં મોટી તીવ્રતા સુધીનો મોટો ભૂકંપ આવવાનો ખતરો મંડરાઈ રહ્યો છે. ચાર-ચાર ફોલ્ટ લાઈન ધરાવતા કચ્છમાં ભૂકંપ અને આંચકા આવતા રહે છે. આંચકા અને નાના ભૂકંપ આવતા રહે તે એક રીતે સારી વાત સંશોધકો જણાવે છે. અને મોટા ભૂકંપને પાછો ઠેલાવે છે. જોકે કચ્છમાં એક મોટો ભૂકંપ ગમે ત્યારે આવી શકે છે તેવી ચોંકાવનારી વાત સંશોધનના અંતે બહાર આવી છે.

## લાલ કિલ્લાની ઘટના દુર્ભાગ્યપૂર્ણ, કૃષિ કાનુન ખેડૂતોના ફાયદામાંઃ રાષ્ટ્રપતિ



ન્યુ દિલ્હી,

આજથી સંસદના બજેટ સત્રની શરૂઆત થઈ. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી આ સત્રની શરૂઆત થઈ. પોતાના અભિભાષણમાં રાષ્ટ્રપતિએ સરકારની ઉપલબ્ધિઓ ગણાવી. આ ઉપરાંત તેમણે નવા કૃષિ કાયદા, ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ફેલાયેલી અરાજકતાનો પણ ઉલ્લેખ કર્યો.

બજેટ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી થઈ. અભિભાષણની શરૂઆતમાં રાષ્ટ્રપતિએ કોરોના મહામારીના સમયમાં થઈ રહેલા આ સત્રને મહત્વપૂર્ણ ગણાવ્યું. તેમણે કહ્યું કે નવા દાયકા અને નવા વર્ષનું પહેલું સત્ર છે. આ સાથે આપણે ભારતની આઝાદીના ૭૫માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે પડકાર ગમે તેટલો મોટો કેમ ન હોય, અમે ઝૂકીશું નહી.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે મહામારી વિરુદ્ધની આ લડતમાં આપણે અનેક દેશવાસીઓને અકાળે ગુમાવ્યા પણ છે. આપણા બધાના પ્રિય અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું નિધન પણ કોરોના કાળમાં થયું. સંસદના ૬ સભ્ય પણ કોરોનાના કારણે કસમયે આપણને છોડીને જતા રહ્યા. હું તમામ પ્રત્યે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. તેમણે વધુમાં કહ્યું કે સરકારે લગભગ ૩૧ હજાર કરોડ રૂપિયા ગરીબ મહિલાઓના જનધન ખાતામાં સીધા ટ્રાન્સફર કર્યા. દેશભરમાં ઉજ્જવલા યોજનાના લાભાર્થી ગરીબ મહિલાઓને ૧૪ કરોડથી વધુ મફત ગેસ સિલિન્ડર પણ મળ્યા.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે આપણા માટે ગર્વની વાત છે કે આજે ભારત દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવી રહ્યું છે. આ પ્રોગ્રામની બે રસી ભારતમાં જ નિર્મિત છે. સંકટના આ સમયમાં ભારતે માનવતા પ્રત્યે પોતાની જવાબદારીનું નિર્વહન કરતા અનેક દેશોને કોરોના રસીના લાખો ડોઝ ઉપલબ્ધ કરાવ્યા છે.

તેમણે કહ્યું કે તાજેતરમાં તિરંગા અને ગણતંત્ર દિવસ જેવા પવિત્ર દિવસનું અપમાન ખુબ દુર્ભાગ્યપૂર્ણ છે. જે બંધારણ આપણને અભિવ્યક્તિની આઝાદીનો અધિકાર આપે છે, તે બંધારણ આપણને શિખવાડે છે કે કાયદો અને નિયમનું પણ એટલી જ ગંભીરતાથી પાલન કરવું જોઈએ.

રાષ્ટ્રપતિએ કહ્યું કે ખેડૂતોના હિતો માટે સરકાર ગંભીર છે. મારી સરકારે સ્વામીનાથન આયોગની ભલામણોને લાગુ કરતા ખર્ચથી દોઢ ગણું MSP આપવાનો નિર્ણય લીધો હતો. મારી સરકાર આજે MSP પર રેકોર્ડ માત્રામાં ખરીદી કરી રહી છે અને ખરીદ કેન્દ્રોની સંખ્યા પણ વધારી રહી છે. તેમણે કહ્યું કે સરકારે છેલ્લા ૬ વર્ષમાં બીજથી લઈને બજાર સુધી દરેક વ્યવસ્થામાં સકારાત્મક પરિવર્તનનો પ્રયાસ કર્યો છે. જેથી કરીને ભારતીય કૃષિ આધુનિક પણ બને અને કૃષિનો વિસ્તાર પણ થાય. આત્મનિર્ભર ભારત અભિયાન ભારતમાં નિર્માણ સુધી જ સિમિત નથી પરંતુ તે ભારતના દરેક નાગરિકના જીવનસ્તરને ઉપર ઉઠાવવા અને દેશના આત્મવિશ્વાસને વધારવાનું પણ અભિયાન છે.

૨૦૧૩-૧૪માં જ્યાં ૪૨ લાખ હેક્ટર જમીનમાં જ માઈક્રો-ઈરિગેશનની સુવિધા હતી ત્યાં આજે ૫૬ લાખ હેક્ટરથી વધુ વધારાની જમીનને માઈક્રો ઈરિગેશન સાથે જોડવામાં આવી છે. આ સમયગાળામાં શાકભાજી અને ફળોનું ઉત્પાદન પણ ૨૧૫ મિલિયન ટનથી વધીને હવે ૩૨૦ મિલિયન ટન સુધી પહોંચી ગયું છે. આ માટે હું દેશના ખેડૂતોને અભિનંદન આપું છું.

રાષ્ટ્રપતિએ કહ્યું કે મારી સરકારની પ્રાથમિકતાઓમાં આ નાના અને સીમાંત ખેડૂતો પણ છે. આવા ખેડૂતોના નાના નાના ખર્ચાને મદદ કરવા માટે પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા તેમના ખાતામાં લગભગ ૧,૧૩,૦૦૦ કરોડથી વધુ રૂપિયા સીધા ટ્રાન્સફર કરાયા છે. સમયની માગણી છે કે કૃષિ ક્ષેત્ર આપણા જે નાના અને સીમાંત ખેડૂતો છે, જેમની પાસે ફક્ત એક કે બે હેક્ટર જમીન હોય છે તેમના પર વિશેષ ધ્યાન આપવામાં આવે. દેશના તમામ ખેડૂતોમાંથી ૮૦ ટકાથી વધુ આવા નાના ખેડૂતો જ છે અને તેમની સંખ્યા ૧૦ કરોડથી પણ વધુ છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે પાક વીમા યોજનાનો લાભ પણ દેશના નાના ખેડૂતોને થયો છે. આ યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં ખેડૂતોને ૧૭ હજાર કરોડ રૂપિયા પ્રીમીયમ તરીકે લગભગ ૯૦ હજાર કરોડ રૂપિયાની રકમ વળતર તરીકે મળી છે.

પરંપરા મુજબ, પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું ભાષણ થયું હતું, જોકે ૧૯ જેટલા પક્ષોએ આ સ્પીચનો બોયકોટ કર્યો છે. એમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના, અકાલી દળ જેવી મોટી પાર્ટીઓ સામેલ છે. તેમનું કહેવું છે કે ગત સેશનમાં કેન્દ્ર સરકારે જે ત્રણ કૃષિ કાયદાઓને પાસ કર્યા એ યોગ્ય નથી.

**ઓન લાઈન ટેન્ડરીંગ**
**ગોધરા નગરપાલિકા**
**જાહેર નિવિદા-સને ૨૦૨૦-૨૧**

આથી તમામ એજન્સી, કોંટ્રાકટર વિ.ને ગોધરા શહેરમાં સરકારની વિવિધ યોજના મુખ્ય મંત્રી શહેરી સડક યોજના વ્યવસાય વેરા, ૧૫% વિવેકાધિન તથા સ્વચ્છ ભારત મિશન ગ્રાંટ અતર્ગત સી.સી. રોડ પાઇપ ડ્રેઇન તથા કમ્પાઉન્ડ વોલ ના કામ અંદાજીત રકમ રૂા.૧.૬૨ લાખ થી ૧૪૦.૪૮ લાખના (ત્રણ) કામોના ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

પ્રસ્તુત કામના ડોકયુમેન્ટ વેબસાઈટ https://nagarpalika.nprocure.com ઉપર તા.:૦૧/૦૨/૨૦૨૧ સાંજના ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન ભાવો ભરી શકાશે ભાવો ભરેલ એજન્સી કોંટ્રાકટરે ટેન્ડરના બીડ ડોકયુમેન્ટ તારીખ :-૦૪/૦૨/૨૦૨૧ સુધી મુખ્ય અધિકારી શ્રી નગપાલિકા ગોધરાની કચેરીએ આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. શકય હશે તો આવેલ ટેન્ડરો તા.૦૫/૦૨/૨૦૨૧ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદબાતલ કરવાનો હક નગરપાલિકાને અબાદત રહેશે.

તા.૨૨/૦૧/૨૦૨૧

(સંજયકુમાર પી . પટેલ)
(મુખ્ય અધિકારી અને વહિવટદાર)
નગરપાલિકા, ગોધરા

માહિતી/ગોધરા/૭૮૩/૨૦૨૦-૨૧

**સંતરામપુર નગરપાલિકા, જિ.મહીસાગર**
**સ્વચ્છ ભારત મિશન**

**સંતરામપુર નગરપાલિકાને ખુલ્લામાં થતી શૌચક્રિયા મુકત નગરપાલિકાને જાહેર કરવા જોગ પ્રતિભાવ/મુદાઓ/સૂચનો મંગાવવા બાબત**

સંતરામપુર નગરની જનતાને આથી સુચિત કરવામાં આવે છે કે, સંતરામપુર નગરપાલિકા દ્વારા ODF+ જાહેર કરવા સારૂ નગરપાલિકાના પ્રમુખશ્રી, ચીફ ઓફીસરશ્રી, વોર્ડ કાઉન્સિલરશ્રી, SHG, નાગરીક સમુહો, ડીસ્લજીંગ ઓપરેટરના ડીકલેરેશન મેળવવામાં આવેલ છે તેમજ સંતરામપુર નગરપાલિકા વિસ્તારને ODF+ જાહેર કરવા સારૂ પ્રાથમિક ઠરાવ કરવામાં આવેલ છે. સદર બાબતે સંતરામપુર નગરપાલિકા વિસ્તારને ODF+ જાહેર કરવા પ્રતિભાવ/મુદાઓ/સુચનો દિન-૧૫ (પંદર)માં સંતરામપુર નગરપાલિકા કચેરીએ લેખીતમાં રજુઆત કરવા વિનંતી છે.

ડી.એમ. હઠીલા
ચીફ ઓફીસર
સંતરામપુર નગરપાલિકા

સુનિતાબેન કે. ખાંટ
પ્રમુખ
સંતરામપુર નગરપાલિકા

માહિતી/ગોધરા/૭૮૮/૨૦૨૦-૨૧

# મહીસાગરના લાડપુરમાં બે મકાનમાં ભીષણ આગ, ૮ પશુઓના મોત

કડાણા,

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના લાડપુર ગામના એક મકાનમાં આજે સવારે અચાનક આગ લાગી હતી. જોતજોતામાં જ બાજુમાં આવેલુ મકાન પણ આગની જ્વાળાઓમાં લપેટાઈ ગયું હતું. આગ લાગતા જ નાસભાગ મચી ગઈ હતી અને મકાન પાસે ખીલે બાંધેલા ૮ પશુના મોત થયા હતા. આ ઉપરાંત અનાજ અને તમામ ઘરવખરી સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. કડાણા તાલુકાના



લાડપુર ગામના દિનેશ લાલા ખાંટના મકાનમાં અચાનક જ આગ ફાટી નીકળતા પશુઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેથી લોકોએ તુરંત જ પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી.

બે મકાનો બળીને ખાખ થઈ ગયા હતા અને જેમાં ખીલે બાંધેલાં ૮ પશુઓના મૃત્યુ થયા હતા. મકાનમાં આગ લાગવાનું કારણ હજી સુધી બહાર આવ્યું નથી. મકાનોમાં આગ લાગવાની ઘટનાને પગલે કડાણા તાલુકાના અધિકારીઓ અને પોલીસ તુરંત જ અસરગ્રસ્ત દિનેશ લાલા ખાંટને ત્યાં દોડી ગઈ હતી અને અસરગ્રસ્તોને મળીને સાંત્વના પાઠવી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને આગથી અસરગ્રસ્ત પરિવારોએ જરૂરી સહાય આપવાની માંગ કરી હતી. આ ઉપરાંત રહેવા માટે મકાન મળે તે માટે તંત્ર દ્વારા ખાસ કિસ્સામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આવાસનો લાભ આપવામાં આવે તે અંગેની રજૂઆત કરી હતી.

આ પહેલા ૧૦ જાન્યુઆરીના રોજ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના કંબોડિયા ગામના તબેલા આગ લાગતાં ૧૬ ગાય-વાછરડાં અને ૧ ઘોડીનું મોત થયું હતું. જ્યારે ૧૨ ગાય-વાછરડાં દાઝ્યાં હતાં. નેત્રંગથી ૩૫ કિ.મી. દૂર ઝઘડિયામાં ફાયર સ્ટેશન હોવાથી પશુઓને બચાવી શકાયાં નહોતાં. જેથી પશુપાલકે નજીકમાં ફાયર સ્ટેશન બનાવવાની માગ કરી હતી.

# મહીસાગર જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી લુણાવાડા ખાતે જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

લુણાવાડા,

રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા રાજ્યની ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા અને ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વરાજ્યના એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જેમાં મહીસાગર જિલ્લાની જિલ્લા પંચાયત અને છ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી આગામી તા.૨૮-૨-૨૦૨૧, રવિવારના રોજ સવારે-૭.૦૦ થી સાંજના-૬.૦૦ વાગ્યા સુધી યોજવાની છે તેનો સમાવેશ થાય છે.

મહીસાગર જિલ્લામાં યોજાનાર જિલ્લા/તાલુકા પંચાયતની ચૂંટણીઓ મુક્ત, ન્યાયી અને તટસ્થ માહોલમાં યોજાય તે માટે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. બી. બારડના અધ્યક્ષસ્થાને જિલ્લા/તાલુકા પંચાયતના ચૂંટણી અધિકારીઓ સાથે બેઠક તાજેતરમાં યોજાઇ હતી. આ બેઠકમાં ચૂંટણી દરમ્યાન આદર્શ આચારસંહિતાનું ચુસ્ત પાલન કરવા અને કાયદો તથા વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાઈ રહે અને કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે કોવિડ-૧૯ની ગાઇડલાઇન પ્રમાણે ચૂંટણી કામગીરી અને પ્રચાર કરવા સહિતના મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્ય ચૂંટણી આયોગના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેકટર આર. આર. ઠક્કર, સંબંધિત ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોના ઉપયોગ કરવા પર પ્રતિબંધ

લુણાવાડા,

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યના ૬ મહાનગરપાલિકા, ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી અને અન્ય સ્વરાજ્ય એકમોની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે.

તદ્અનુસાર મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી-૨૦૨૧નું મતદાન તા. ૨૮/૨/૨૧ના રોજ નિયત કરવામાં આવ્યું છે. જયારે તેની મતગણતરી તા. ૨/૩/૨૦૨૧ના રોજ કરવામાં આવનાર છે.

ચૂંટણીની જાહેરાત થતાં જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગયેલ છે. ચૂંટણીની આદર્શ આચારસંહિતાના પાલન અર્થે કેન્દ્ર રે રાજય સરકારના મંત્રીઓ, રાજકીય/બિનરાજકીય પક્ષના કાર્યરો અને ચૂંટણી ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણી સંબંધકર્તા બાબતો અંગે કોઈપણ જાતની મુસાફરી દરમિયાન સરકારી તથા બોર્ડ/નિગમ/કોર્પોરેશનના વાહનોના ઉપયોગ કરવા પર મહીસાગર જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠકકરે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂઈએ પ્રતિબંધ ફરમાવેલ છે.

તદ્અનુસાર કેન્દ્ર કે રાજ્ય સરકારના મંત્રીઓ વિગેરે ચૂંટણી પ્રચાર કાર્ય અથવા ચૂંટણીને સંબંધકર્તા બાબતો અંગચે કોઈપણ જાતની મુસાફરીમાં સરકારી વાહનોનો બિલકુલ ઉપયોગ કરી શકશે નહીં. આવા વાહનોમાં હેલીકોપ્ટર, એરક્રાફ્ટ, કાર, જીપ, ઓટોમોબાઈલ બોટ વગેરેનો સમાવેશ થાય છે. સરકારી વાહનો ઉપરાંત રાજ્ય સરકારના સાહસો, સંયુકત સાહસો, સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ, નિગમો, નગરપાલિકાઓ, ખરીદ-વેચાણ સંઘો, મહાસંઘો, સહકારી સોસાયટીઓ, જિલ્લા-તાલુકા પંચાયતો તેમજ જાહેરનાણાંનો જરાપણ હિસ્સો હોય તેવી કોઇપણ સંસ્થાઓના વાહનોનો ચૂંટણી પ્રચાર માટે બિલકુલ ઉપયોગ કરી શકાશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે. આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ લેખિત ફરિયાદ નોંધવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. આ હુકમ મહીસાગર જિલ્લામાં તાત્કાલિક અસરથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

# મહીસાગર જિલ્લામાં આજે રાહતના સમાચાર : એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે રાહતના સમાચાર આજે જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. આમ જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૯-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૯૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

જિલ્લાસમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૪૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૨૦૦૪૦ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૧૦ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૩ દર્દી હોમ આઇસોલેશન અને ૦૧ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૦૬ દર્દીઓ સ્ટેબલ અને ૦૩ દર્દીઓ ઓક્સિજન પર છે.

# BTPના છોટુ વસાવાએ રૂપાણીને આંદોલન કરવાની ખુલ્લી ચેતવણી આપી

ભરૂચ,

ખેડૂત આંદોલન કરતા ખેડૂતનેતા રાકેશ ટિકૈતે ગઈકાલે મીડિયા સમક્ષ રડતાં રડતાં કહ્યું હતું કે જો સરકારે કાયદો પરત ન ખેંચ્યો તો હું આત્મહત્યા કરી લઈશ. તેમના પગલે ગુજરાતમાં આદિવાસી નેતા અને બીટીપીના સર્વેસર્વા છોટુ વસાવા તેમને પડખે આવ્યા છે. તેમણે સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકીને રાકેશ ટિકૈતનું સમર્થન કર્યું છે અને રસ્તા પર ઊતરવાની ચીમકી આપી છે. સરકારને ચેતવણી આપીને વસાવાએ કહ્યું છે કે રાકેશ ટિકૈતને એક નાનીઅમથી ઈજા પણ થઈ છે તો આદિવાસી સમાજ રસ્તા પર ઊતરશે. કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોનું પ્રદર્શન દિવસે ને દિવસે વધુ આક્રમક બન્યું છે ત્યારે ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા અને ખેડૂતનેતા રાકેશ ટિકૈત ગુરુવારે સાંજે મીડિયા સમક્ષ અશ્રુભરી આંખે તૂટી પડ્યા બાદ આ આંદોલનને વધુ વેગ મળ્યો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે, ત્યારે અનેક ગામોના ખેડૂતો આંદોલનમાં જોડાયા છે,



જેમાં ભરૂચના ટ્રાઈબલ વિસ્તાર ઝઘડિયાના ધારાસભ્ય છોટુ વસાવાએ પણ સોશિયલ મિડિયા પર પોસ્ટ કરી ખેડૂત આંદોલનને પોતાનો ખુલ્લો ટેકો જાહેર કર્યો છે. છોટુ વસાવાના પર્સનલ સોશિયલ અકાઉન્ટ પરથી થયેલી પોસ્ટમાં કહ્યું છે કે ‘ રાકેશને એક નાનીઅમથી ઈજા પણ પહોંચી તો આદિવાસી સમાજ રસ્તા પર ઊતરી વિરોધ કરશે’ આ આદિવાસી બાહુબલી નેતાએ ખુલ્લી ચેતવણી આપી છે. વધુમાં તેમણે એમ પણ જણાવ્યું છે કે આ આંદોલન ગમે ત્યારે ગુજરાતમાં શરૂ થઇ શકે છે, જે માટે સરકાર અને તંત્ર તૈયાર રહે.

દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીએ ટ્રેક્ટર રેલી દરમિયાન થયેલી હિંસાના બે દિવસ પછી પ્રશાસને ખેડૂતોને ગાઝીપુર બોર્ડરનો વિસ્તાર ખાલી કરવાનું કહ્યું છે. પોલીસની ચેતવણી પછી ધરણાં પર બેઠેલા અનેક ખેડૂતો ત્યાંથી ચાલ્યા ગયા હતા. ગઈકાલે સાંજ સુધી મોટી સંખ્યામાં દિલ્હી અને યુપી પોલીસ ગાઝીપુર બોર્ડર પર પહોંચી હતી. પોલીસની આ સખતાઈ પર ભારત કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતનાં આંસુ સરી પડ્યાં ગયાં. તેમણે રડતાં રડતાં કહ્યું હતું, ખેડૂતો પર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. તેમને મારવાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. જો સરકારે કાયદો પરત ન ખેંચ્યો તો હું આત્મહત્યા કરી લઈશ. હું આ દેશના ખેડૂતોને બરબાદ નહીં થવા દઉં.’

# અમદાવાદ સહિત રાજ્યભરમાં હાડ થીજવતી ઠંડીનો ચમકારો યથાવત્

અમદાવાદ,

દિવસે પણ ઠંડા પવનો સીસકારો બોલાવી દે તેવી ઠંડી ગુજરાત સહિત દેશભરમાં જોવા મળી રહી છે. અને તેનું કારણ છે પહાડો પર થઈ રહેલી બરફવર્ષા. શ્રીનગરમાં તાપમાન -૫ ડીગ્રીની નીચે ઉતરી ગયું છે.. જયારે રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત પણ શીતલહેરની ઝપેટમાં આવી ગયા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હાડ થીજવતી ઠંડીનો ચમકારો યથાવત છે. જૂનાગઢ, કેશોદ સહિત સૌરાષ્ટ્રમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. કચ્છમાં પણ હજી બે દિવસ કોલ્ડવેવની અસર જોવા મળશે. નલિયામાં તાપમાનનો પારો ૪ ડિગ્રીએ પહોંચ્યો છે, જયારે અમદાવાદમાં ૯.૯ ડિગ્રી તાપમાન, ગાંધીનગર, ડીસા, કંડલા એરપોર્ટ પર ૮.૮ ડિગ્રી, માઉન્ટ આબુમાં પણ ઠંડીનુ જોર યથાવત રહ્યું છે. માઈનસ ૩ ડીગ્રી તાપમાનથી નક્કી લેકમાં બરફ જામ્યો છે. ગુજરાતમાં આ સીઝનમાં અત્યાર સુધીના સૌથી કોલ્ડેસ્ટ ડેનો સામનો ગુજરાતીઓ કરી રહ્યાં છે. ત્યારે ગુજરાતીઓને હજુ બે દિવસ કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે. ગુજરાતમાં હજુ ૨ દિવસ સિવિયર કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા



કરવામાં આી છે.

રાજકોટ, ભાવનગર અને પોરબંદરમાં કોલ્ડવેવની આગાહી કરાઈ છે. ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીથી લોકો રીતસરના ઠૂઠવાયા છે. હજુ આગામી બે દિવસ સુધી સૌરાષ્ટ્રના જુનાગઢ અને કેશોદમાં તેમજ કચ્છ પંથકમાં કોલ્ડવેવની અસર રહેશે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે.હવામાન ખાતાના આંકડા પ્રમાણે, ગુરૂવારે વલસાડ સિવાય રાજ્યના તમામ શહેરોમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી કરતા નીચું નોધાયું હતુ. અત્રે નોંધનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં ઠંડી ૩૦ વર્ષનો રેકોર્ડ તોડી રહી છે. જાન્યુઆરીમાં આ વર્ષે કાશ્મીર સતત બરફની ચાદર તળે ઢંકાયેલું રહ્યું છે. બે દિવસ પહેલાં કાશ્મીરમાં થયેલી બરફવર્ષાની અસરથી તાપમાનનો પારો સતત નીચે સરકી રહ્યો છે. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન -૫.૬ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયું.

કાશ્મીરનાં પહાડી વિસ્તાર પહેલગામમાં -૧૨.૩ ડીગ્રી. અને ગુલમર્ગમાં -૧૩.૪ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ લદાખનાં મુખ્ય શહેર લેહમાં -૧૬.૮ ડીગ્રી તાપમાન, કારગીલમાં -૨૧.૩ ડીગ્રી અને દ્રાસમાં -૨૮.૧ ડીગ્રી તાપમાન નોંધાયું. જમ્મુ કાશ્મીરમાં હજુ ૩૧ જાન્યુઆરી સુધી ઠંડીથી રાહત મળવાની કોઇ શક્યતા નહીં હોવાનું હવામાન વિભાગ કહે છે કે ૩૧ જાન્યુઆરી બાદ તાપમાનનો પારો થોડો ઉપર આવી શકે છે.. પણ જમ્મુ કાશ્મીર અને લદાખમાં ૨ અને ૩ ફેબ્રુઆરીએ વરસાદ અને બરફવર્ષા થવાની પણ આગાહી છે. તો હિમાચલ પ્રદેશમાં એક સપ્તાહ સુધી બરફવર્ષાથી રાહત રહેવાની છે.

# ગુજરાતમાં ટ્યૂશન ક્લાસીસ શરૂ થવાનું કાઉન્ટ ડાઉન શરૂ

ગાંધીનગર,

કોરોના મહામારી વચ્ચે પહેલી ફેબ્રુઆરીથી રાજયમાં ક્લાસીસ શરૂ થવા જઈ રહ્યાં છે જેને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ક્લાસીસમાં સેનેટાઈઝેશનની પ્રક્રિયા શરૂ કરાઈ છે. કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે વિદ્યાર્થીઓ ને પ્રવેશ અપાશે. તેમજ શાળાની જેમ ક્લાસીસ સંચાલકો પણ વાલીઓ પાસે લેખિત સંમતિપત્ર માગવાનો ટ્યુશન ક્લાસ સંચાલકોએ નિર્ણય કર્યો છે. તો ક્લાસીસ દ્વારા એસઓપીનું ચૂસ્ત પાલન કરવામાં આવશે. પહેલી ફેબ્રુઆરીથી રાજ્યમાં ક્લાસીસ શરૂ થશે. રાજ્યમાં ૧લી ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ૧૧ના વર્ગોનું શિક્ષણકાર્ય કોવિડ તકેદારી સાથે શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની જાણકારી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપી હતી અને ઉમેર્યું હતું કે, ધોરણ ૯થી ૧૨ પૂરતા ટ્યુશન ક્લાસ પણ કોવિડની તકેદારી સાથે શરૂ કરી શકાશે. તેમણે ઉમેર્યું હતું કે સ્પર્ધાત્મક પરિક્ષા માટેના કોચિંગ ક્લાસ પણ શરૂ કરી શકાશે. કોચિંગ ક્લાસીસ માટે પણ રાજ્ય સરકારે કોરોના સંક્રમણ નિયંત્રણ અંગે જાહેર કરેલી માર્ગદર્શિકા એસઓપીનું ચુસ્તપણે પાલન કરવું ફરજિયાત રહેશે. ચુડાસમાએ ઉમેર્યું કે કોલેજ કક્ષાએ ઉચ્ચશિક્ષણ માટે પ્રથમ અને બીજા વર્ષનું શૈક્ષણિક કાર્ય પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

## બજેટ પહેલાં નાણાંમંત્રી સીતારમણે સંસદમાં આર્થિક સમીક્ષા રજૂ કરી

# અર્થતંત્ર ઝડપથી સુધારશે, ૨૦૨૧-૨૨માં ૧૧.૫ ટકા વૃદ્ધિનું અનુમાન

ન્યુ દિલ્હી,

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણએ શુક્રવારે સંસદમાં આર્થિક સમીક્ષા રજૂ કરી. ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા સામાન્ય બજેટ પહેલા સંસદના માળખા પર રાખવામાં આવેલી સમીક્ષામાં અર્થવ્યવસ્થાની સ્થિતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ વેંકટ સુબ્રમણ્યમની અધ્યક્ષતાવાળી ટીમે ૨૦૨૦-૨૧ માટે આર્થિક સમીક્ષા તૈયાર કરી છે.

આમાં, અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રો વિશે માહિતી આપવાની સાથે, આર્થિક વિકાસને વેગ આપવા માટે વધુ સુધારા માટે સૂચનો કરવામાં આવ્યા છે. તેમાં જણાવ્યું છે કે, કોરોના વાયરસ મહામારી અને તેના નિવારણ માટે લાદવામાં આવેલા ’લોકડાઉન’થી પ્રભાવિત અર્થવ્યવસ્થામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ઝડપથી પુનઃપ્રાપ્તિની અપેક્ષા છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૨૩.૯ ટકા, જ્યારે બીજા ત્રિમાસિક ગાળામાં ૭.૫ ટકાનો ઘટાડો આવ્યો છે. સમગ્ર નાણાકીય વર્ષમાં ૭.૭ ટકાના ઘટાડાનું અનુમાન છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં જીડીપી (જીડીપી)નો વૃદ્ધિ દર ૧૧ ટકા હોવાનો અંદાજ છે.

ઈકોનોમી સર્વેમાં ઈકોનોમીમાં ફ-shaped રિકવરીનો અંદાજ છે. આમાં, અર્થવ્યવસ્થા જેટલી ઝડપથી ડાઉન થાય છે, તેટલી ઝડપથી ઉપર જાય છે. સરકારી પ્રોત્સાહનો અને નીતિઓને કારણે માંગ ઝડપથી વધી જાય છે. ઈનકમ અને આઉટપુટ વધે છે, માંગ વધે છે અને લોકો વધુ ખર્ચ કરે છે. કંપનીઓ તેમની ક્ષમતામાં વધારો કરે છે અને વધુ લોકોને રોજગારી આપે છે.

સર્વેમાં કહેવામાં આવ્યું છે કે હેલ્થકેર પર સરકારી ખર્ચને જીડીપીના ૨.૫થી ૩% સુધી વધારવો જોઈએ. આ ૨૦૧૭ની નેશનલ હેલ્થ પોલિસીમાં પણ આ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આ છતાં એ હજી પણ ૧%ની આસપાસ છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને આરોગ્ય માળખાના ખર્ચમાં વધારો થવો જોઈએ. ટેલિમેડિસિનને પણ પ્રોત્સાહન આપવાની જરૂર છે.

આ સર્વેમાં આર્થિક વિકાસદરને વેગ આપવા માટે અપનાવવામાં આવેલા પગલાંનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે અત્યારે ભારત તે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. જો તેને ત્રીજા સ્થાને પહોંચવું હોય તો નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. કોરોનાને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં પણ આ વર્ષે ૪.૪%નો ઘટાડો રહેશે. આ એક સદીનો સૌથી મોટો ઘટાડો હશે. સર્વે મુજબ વિકસિત દેશોની અર્થવ્યવસ્થાને કોરોનાને કારણે વધુ નુકસાન થયું છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૩૦-૦૧-૨૦૨૧, શનિવાર, પોષ વદ-૨, સૂર્યોદય-૭-૨૮, સૂર્યાસ્ત-૬-૩૨, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : સિંહ (મ.ટ.), નક્ષત્રઃ મઘા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૮-૫૧ થી શુભ ૧૦-૧૪ સુધી, ૧૩-૦૦ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૦ સુધી, ૧૮-૩૩ થી લાભ-૨૦-૧૦ સુધી, ૨૧-૪૭ થી શુભ-અમૃત-૨૫-૦૦ સુધી

- શુભ હોરા-
૮-૨૩ થી ૯-૧૮ સુધી, ૧૧-૦૯થી ૧૩-૫૬ સુધી, ૧૪-૫૧થી ૧૫-૪૭ સુધી ૧૭-૩૮થી ૨૦-૪૨ સુધી

# દૈનિક રાશીફળ

તા.૩૦.૦૧.૨૦૨૧ શનિવાર

મેષ(અ.લ.ઈ.) :- વ્યવસાય ક્ષેત્રે નવી મેળવવાની પ્રયત્નો ફળવાના મહત્વકાંક્ષા પૂર્ણ થવાની જાહેર જીવનમાં જોડાયાની તક ઉભી થાય.

વૃષભ(બ.વ.ઉ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધયાન રાખજો વિદશ જવાની તક મલે. શેર સટ્ટાથી દૂર રહેજો.

મિથુન(ક.છ.ઘ.) :- મહત્વના કાર્યોમાં સફળતા મલવાની રાજકીય લાભ મલે. ભાગીદારોને સહકાર દેવો. મિલ્કત બાબત જાળવવું.

કર્ક(ડ.હ.) :- ઝડપી પરિવતનની ઈચ્છા ફળવાની મિત્રોનો સાથ મલવાનો અધિકારી વર્ગનો સહકાર સારો રહેશે. કર્જ ન કરવું.

સિંહ(મ.ટ.) :- સમસ્યાઓનો સામનો કરવામાં સફળતા મલવાની કર્મચારી વર્ગનો સહકાર સારો રહે. શેર સટ્ટામાં લાભ.

કન્યા(પ.ઠ.ણ.) :- રોજીંદા કાર્યને વળગી રહેજો વધુ પડતી લાલચથી દૂર રહેજો મિલ્કતના પ્રશ્નોમાં લાભ રહે. પ્રવાસ થાય.

તુલા(ર.ત.) :- આવક વધારવાના પ્રયત્નો ફળવાના જીવનશૈલીમાં અદ્ભૂત પરિવર્તન થાય. નોકરીમાં ચીવટ રાખવી.

વૃશ્ચિક(ન.ય.) :- મક્કમ મનોબળ સફળતા તરફ લઈ જશે. નવી યોજનામાં લાભ. ઉપરા વર્ગને સાથ સહકાર દેવો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- જીવન સાથીનો સહકાર સારો રહે. ઉધારીથી દૂર રહેજો શેર સટ્ટામાં સાવધાની રાખવી જરૂરી.

મકર(ખ.જ.) :- માનસિક તનાવ કારણ વગરનો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. વિદશેથી સારો લાભ મલે.

કુંભ(ગ.શ.સ.) :- લગ્નજીવનમાં મતભેદો ટાળવા નોકરી વ્યવસાયમાં કોઈ ન ધારેલો લાભ સામાજીક કાર્યમાં સફળતા.

મીન(દ.ચ.ઝ.) :- વારસાગત પ્રશ્નોમાં અનુકુળતા રહે. ભાઈ-બહેનોથી સહકાર મલે. નોકરીમાં સ્થાનફેરની ઈચ્છા ફળવાની.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

### દાહોદ નગર પાલિકાની ચુંટણીમાં ટીકીટ મેળવવા ભલામણનો

# BJP માંથી કોર્પોરેટરો અને કાર્યકર્તા ટીકીટ માંગતા દોર શરૂ : નિરીક્ષકો મુંઝગણમાં

દાહોદ,

સ્થાનીક સ્વરાજયની ચુંટણીની જાહેરાતો બહાર પડતાની સાથે જ દાહોદ જિલ્લામાં ચુંટણીનો માહોલ ભારે ઉત્તેજીત બન્યો છે. ઉમેદવારો દ્વારા પોતાની ઉમેદવારી નોંધાવવા અને જોઈ પાર્ટીની ટીકીટો મેળવવા ભલામણના સિલસોલીનો દૌર પણ આરંભ કરી દેવામાં આવ્યો છે. ત્યારે બીજી તરફ છેલ્લા બે – ત્રણ વર્ષથી ભારતીય જનતા પાર્ટીમાં હાલના કોર્પોરેટરો પણ મેદાનમાં ઉતરતાં અને તેઓના જ કાર્યકર્તાઓ પણ ટીકીટ માટે દાવેદારી નોંધાવતાં હવે અંદરો અંદર કેવો માહોલ સર્જાશે તે જોવાનું રહ્યું. બીજી તરફ ભારતીય જનતા પાર્ટીમાંથી કોણે ટીકીટ આપવી અને કોણે ન આપવી ? જેવી મુંઝવણોમાં પણ બીજેપીના નીરીક્ષકો મુંઝવણોમાં મુકાયા છે.

દાહોદ શહેરમાં હાલના કોર્પોરેટરો દ્વારા ટીકીટ મેળવવા નીરીક્ષકો સામે પોતાની દાવેદારી નોંધાવી હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે બીજી તરફ તેઓના જ પાર્ટીના કેટલાક કાર્યકર્તાઓ પણ ટીકીટ મેળવવા દાવેદારી નોંધાવી હોવાના ચર્ચાઓ સાથે હવે બીજેપીમાં અંદરખાને પણ ભારે માહોલ ગરમ જોવા મળી રહ્યો છે. હાલ એક તરફ સ્થાનીક સ્વરાજયની ચુંટણીનો માહૌલ ચે જે માહોલ વચ્ચે દાહોદ શહેરમાં એકથી નવ વોર્ડની અંદર જે સભ્યો ચુંટાયેલા હતાં તે તમામ સભ્યો બીજેપી પાર્ટીમાંથી ફરી ઉમેદવારી નોંધાવી રહ્યાં છે. ત્યારે બીજી તરફ જુના અને જાણિતા જુના જોગીયાઓ મહેનતું કાર્યકર્તાઓ પણ ઉમેદવારી નોંધાવતાં નિરીક્ષકો ખુદ મુંઝવણમાં મુકાયા છે. હવે જો જુના કોર્પોરેટરોની પસંદગી કરવામાં આવે તો મહેનતુ કાર્યકર્તાઓમાં પણ અસંતોષ પ્રગટ થાય તેવી સંભાવનાઓ જોવા મળી રહી છે. આ અસંતોષનો ચરૂ પાર્ટીને નુકસાન પણ કરી શકે તેવા એંધાણો વર્તાઈ રહ્યાં છે. બીજી તરફ ગઈ ટર્મમાં કોર્પોરેટરો દ્વારા પોતાના વોર્ડોની અંદર પ્રાથીક સુવિધાઓ પણ આપી શક્યા નથી ત્યારે બીજી તરફ વડાપ્રધાન દ્વારા દાહોદ નગરપાલિકાને સ્માર્ટ સીટી તરીકેનું બિરૂદ આપતાં દાહોદ સ્માર્ટ સીટી તરફ પણ પ્રયાણ કરી રહી છે. તો કોર્પોરેટરો દ્વારા આ કામગીરીમાં મદદરૂપ થઈ દાહોદ શહેરના સ્માર્ટ સીટી બનાવવામાં મદદરૂપ થશે ખરા? કે પછી છેલ્લા ૨૫ વર્ષથી દાહોદ નગરપાલિકાની અંદર રાજ કરતાં આ કોર્પોરેટરો પોતાના જ રોટલા શેકશે? જેવી અનેક ચર્ચાઓ હાલ દાહોદ નગરમાં વહેતી થવા માંડી છે. હાલના સમયમાં સામાન્ય જનતાના પ્રશ્નો તરફ પણ આ કોર્પોરેટરો ધ્યાન આપે તે અતિ આવશ્યક છે. ખાસ કરીને મુખ્ય ત્રણ સુવિધા જેવી કે, રાબેતા મુજબ પીવાનું પાણી, રસ્તાઓ, ગંદકીથી પરેશાન દાહોદની પ્રજાને આ ત્રણ પ્રાથમીક સુવિધાઓ આપી શકયા નથી હવે પછી આ ચુંટણીની અંદર દાહોદની જનતા કયાં કોર્પોરેટરને જીતાડશે અને કોણે હાંકી કાઢશે તે જોવાનું રહ્યું.

## દાહોદ બસ સ્ટેશન વર્કશોપ પાછળ અજાણી યુવતિનો ઝાડ ઉપર ગળે ફાંસો ખાધેલ મૃતદેહ મળ્યો



દાહોદ,

દાહોદ શહેરના બસ સ્ટેશની વર્ક શોપની પાછળના ભાગે એક ઝાડ પરથી એક યુવતીની લાશ મળી આવતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સાથેજ ઘટનાની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી યુવતીના વાલીવારસની શોધખોળનો ધમધમાટ આરંભ કર્યો છે.

આજે વહેલી સવારે એક તરફ દાહોદ બસ સ્ટેશન વિસ્તારમાં મુસાફરોનો ઘસારો હતો ત્યારે બીજી તરફ બસ સ્ટેશનના વર્કશોપની પાછળના ભાગે અજાણી યુવતીની લાશ ઝાડ પર લટકતી જોવા મળતાની સાથેજ મુસાફરો સહિત એસ.ટી.વિભાગ આલમમાં સ્તબ્ધતા સહિત ખળભળાટ મચી જવા પામ્યો હતો. દાહોદ શહેર પોલીસને પણ જાણ થતાંની વેંત પોલીસ સ્ટાફ સ્થળ પર રવાના થયો હતો. યુવતીની લાશને ઝાડ પરથી નીચે ઉતારી નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ માટે રવાના કરી દેવામાં આવી હતી ત્યારે આ યુવતીના હાથ પર, મારા મોતની જવાબદાર હું છું, તેમ હિન્દી ભાષામાં બાલેપેનથી લખાણ નજરે પડ્યું હતું. લગભગ આ યુવતી સરહદી વિસ્તારની પણ હોઈ શકે તેવા અનુમાનો સાથે પોલીસે આ યુવતીના સ્વજનોને શોધખોળનો આરંભ કરી દીધો છે ત્યારે બસ સ્ટેશન વિસ્તારના મુસાફરો સહિત આલમમાં અનેક ચર્ચાઓએ પણ જો પકડ્યું છે. સાચે જ આ યુવતીએ આત્મહત્યા કરી હશે કે? કોઈકે તેની હત્યા કરી લાશને લટકાવી દીધી હશે? કે પછી શું યુવતી સાથે દુષ્કર્મ થયાની આશંકાઓ પણ વ્યક્ત કરાઈ રહી છે. પરંતુ જે કંઈ પણ હોય સાચુ કારણ તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યાં બાદ જ સામે આવે તેમ છે. આ તમામ પાસાઓ પર હાલ પોલીસે તપાસનો આરંભ કર્યો છે.

## દાહોદ જીલ્લામાં આજે ૦૨ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૦૨ કોરોના કેસોનો વધારો થતાં જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૭૯૮ને પાર થઈ ચુક્યો છે. સાથે જ દાહોદ જિલ્લામાં હવે કોરોના કેસોની સંખ્યામાં ઘટાડો થતાં જિલ્લાવાસીઓએ પણ રાહતનો દમ લીધો છે. આર.ટી.પી.સી.આર.ના ૧૩૮ પૈકી આજે માત્ર ૦૨ કેસો જ સામે આવ્યાં છે અને આ ૦૨ કેસો પૈકી એક કેસ દાહોદ અર્બન વિસ્તારમાંથી અને બીજો એક કેસ ઝાલોદ ગ્રામ્યનો સમાવેશ થયો છે. આજે વધું ૦૨ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યાં ૨૭ રહેવા પામી છે અને અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામેલ દર્દીઓની સંખ્યા ૯૭ પર પહોંચી છે.

## સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ સંદર્ભે દાહોદ જિલ્લામાં રાત્રીના સમયે લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ

દાહોદ,

દાહોદ જિલ્લામાં નગરપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ તા. ૨૮-૨-૨૦૨૧ ના રોજ યોજાનાર છે. ઉકત ચુંટણીઓ દરમિયાન જાહેર શાંતિ અને જાહેર હિત માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ અંતર્ગત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.જે. દવેએ સામાન્ય ચૂંટણીઓ દરમિયાન ચૂંટણી પ્રચાર કે જાહેર સભા માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ રાત્રીના ૧૦ થી સવારના ૬ કલાક સુધી કરવા પર એક જાહેરનામા દ્વારા પ્રતિબંધ મૂકયો છે. આ આદેશ તા. ૨૮-૧-૨૦૨૧ થી તા. ૫-૩-૨૦૨૧ સુધી અમલમાં રહેશે. તેમજ દાહોદ જિલ્લાની મહેસુલી હદ વિસ્તારમાં જયાં ચૂંટણીઓ યોજાનાર છે તે વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ સંદર્ભે દાહોદ જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય ખરાડીનો હથિયારો જમા લેવા આદેશ

દાહોદ,

દાહોદ જિલ્લામાં નગરપાલિકા, તાલુકા, જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ તા. ૨૮-૨-૨૦૨૧ ના રોજ યોજાનાર છે. ઉક્ત ચુંટણીઓ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, શાંતિપૂર્ણ રીતે ચૂંટણીઓ સંપન્ન થાય તે માટે શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ અંતર્ગત હથિયારો જમા લેવા માટે દાહોદ જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય ખરાડીએ તા. ૨૯-૧-૨૦૨૧ થી તા. ૦૫-૦૩-૨૦૨૧ સુધીના સમયગાળા માટે લાગુ પડતા વિસ્તારમાં પોલીસ મથક ખાતે હથિયારો જમા કરાવવા એક જાહેરનામા દ્વારા આદેશ કર્યો છે.

સમગ્ર દાહોદ જિલ્લામાં પાક રક્ષણ કે સ્વરક્ષણ કે અન્ય હેતુ માટે હથિયાર પરવાના ધરાવતા તમામ પરવાનેદારોને તેઓના હથિયાર અને કારતુસ/દારૂગોળા જમા કરાવવાના રહેશે. આ હુકમ ફરજ પરના પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને તેમજ ફરજના ભાગરૂપે હથિયાર સાથે રાખવું પડતું હોય તેવા લશ્કરી દળના જવાનોને લાગુ પડશે નહી. આ જાહેરનામું તા. ૨૯-૧-૨૦૨૧ થી તા. ૫-૩-૨૦૨૧ સુધી લાગુ પડશે. હુકમનો ભંગ કરનાર સામું ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## ખેડૂતો પાસેથી ટેકાના ભાવે તુવેરની ખરીદી કરાશે

દાહોદ,

રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૨/૨૦૧૧ થી ૦૧/૦૫/૨૦૨૧ સુધીના ૯૦ દિવસ દરમ્યાન લઘુતમ ટેકાનાં ભાવે ખરીફ માર્કેટીંગ સિઝન ૨૦૨૦-૨૧ માટે પ્રતિ કિવન્ટલ (૧૦૦ કિ.ગ્રા) રૂા.૩૦૦૦/- ના ભાવે કેન્દ્ર સરકારનાં નક્કી થયેલા ધારા ધોરણ મુજબ તુવેર ખરીદવામાં આવશે. જેથી ખેડૂત ભાઈઓએ તેમનાં ચાલુ વર્ષનાં ૭/૧૨ તેમજ ૮-અ ના ઉતારા તથા પાસબુકની નકલ, કેન્સલ ચેકની નક્લ સાથે ગ્રામ ક્ક્ષાએ વી.સી.ઈ. (ગ્રામ પંચાયત કચેરી) એ.પી.એમ.સી કેન્દ્ર ખાતે તા.૧૫/૦૧/૨૦૨૧ થી ૩૧/૦૧/૨૦૨૧ સુધી ખરીદીનાં ભાગરૂપે ઓનલાઈન એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન કરાવવા નીચે મુજબ તાલુકાનાં ગોડાઉન મેનેજરનો સંપર્ક કરવાનો રહેશે. ખરીદ કેન્દ્રોના કોન્ટેક્ટ નંબર આ પ્રમાણે છે. સરકારી અનાજ ગોડાઉન, દેવગઢ બારીયા ૬૩૫૯૯૪૬૧૦૧, સરકારી અનાજ ગોડાઉન, લીમખેડા/સિંગવડ ૬૩૫૯૯૪૬૦૫૩, સરકારી અનાજ ગોડાઉન ફતેપુરા ૬૩૫૯૯૪૬૧૦૩, સરકારી ગોડાઉન ધાનપુર ૬૩૫૯૯૪૬૧૦૨ તેમ કલેક્ટરની યાદીમાં જાણ કરાઇ છે.

## દાહોદ અનાજ માર્કેટ માંથી ટ્રાન્સપોર્ટ વેપારી પાસેથી ૧૩.૯૪ લાખનો સોયાબીનના કટ્ટા ભરી ડ્રાઈવર કલીનર ફરાર

દાહોદ,

આજથી અઢી માસ અગાઉ દાહોદ શહેરમાં અનાજ માર્કેટ ખાતે એક ટ્રાન્સપોર્ટના વેપારી પાસેથી કુલ રૂા.૧૩,૯૪,૪૮૩ના સોયાબીનન કટ્ટા ભરી ડ્રાઈવર અને કલીનર ટ્રક લઈ ફરાર થઈ ગયા હોવાની ઘટના સંદર્ભે ટ્રાન્સપોર્ટના માલિક દ્વારા આ સંબંધે દાહોદ શહેર પોલીસ મથકે વિશ્વાસ ઘાત અને ઠગાઈ અંગેની ફરિયાદ નોંધાવી હતી. આ મામલાની ગંભીરતાને દાહોદ શહેર પોલીસે આ ઘટનાની ગંભીરતાને ધ્યાન લઈ ડ્રાઈવર અને કલીનરને ટેકનીકલ માધ્યમોના તેમજ બાતમીના આધારે મધ્યપ્રદેશના બડવાની ખાતેથી બંન્નેને ઉપરોક્ત મુદ્દામાલ તેમજ ટ્રક સાથે ઝડપી પાડી દાહોદ ખાતે લઈ આવી જેલના સળીયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળી રહ્યું છે.

તા.૨૪/૧૧/૨૦૨૦ ના રોજ કનકભાઈ ધીરજમલ મહેતા (ઉ.વ.૫૯ ધંધો-ટ્રાન્સપોર્ટ રહે.દાહોદ મંડાવાવ રોડ ૧૦૩/બી અક્ષર ટાવર તા.જી.દાહોદ) નાઓને તમારો માલ સહી સલામત અને સમયસર પહોચાડી આપવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપી કનકભાઈના ગોડાઉનમાંથી ટ્રક નંબર એમ.એચ.૧૯ સીવાય ૮૯૮૭ની ગાડીમાં તા.૨૪/૧૧/૨૦૨૦ ના રોજ સોયાબીનના ૫૧૦ કટ્ટા જેનુ કુલ વજન ૩૦૫૧૬ કિ.ગ્રા કિ.રૂ.૧૩,૯૪,૪૮૩/- ની કિંમતનુ સોયાબીન ભરેલ જે બ્રીજ મોહન ફતેહલાલ અગ્રવાલ એન્ડસન્સને ઉજ્જૈન ખાતે નહી મોકલી વિશ્વાસઘાત આ ટ્રક ડ્રાઈવર અને કલીનર બંન્ને નાસી ગયા હતાં. આ બાદ દાહોદ શહેર પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરતાં આ બંન્ને ઈસમો મધ્યપ્રદેશના બડવાણી ખાતે હોવાની પોલીસને માહિતી મળતાની સાથે જ તેમજ મોબાઈલ ફોન નંબર પરથી ટેકનીકલ માધ્યમોના આધારે પોલીસે સોર્સ મેળવવતાં આ બંન્નેને દાહોદ શહેરપોલીસે બડવાણી ખાતેથી ટ્રક સાથે ઝડપી પાડ્યાં હતાં. આ બાદ દાહોદ શહેર પોલીસે બંન્નેને ટ્રક સાથે દાહોદ લઈ આવી આ ટ્રકમાંથી કુલ રૂા.૧૩,૯૪,૪૮૩ના સોયાબીનન કટ્ટા નંગ.૫૧૦ કબજે કર્યાં હતાં.

## દાહોદમાં હવે રવિવારે પણ વાણિજયક પ્રવૃત્તિ કરવા છૂટછાટ આપતા કલેકટર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના વેપારીઓને એક મહત્વપૂર્ણ રાહત આપવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા નિર્ણયની જાણકારી આપતા કલેક્ટર વિજય ખરાડીએ કહ્યું છે કે, હવેથી રવિવારે પણ વેપારીઓ વાણિજ્યક પ્રવૃત્તિ કરી શકશે.

તેમણે જણાવ્યું હતું કે, ગત્ત દિવાળીના તહેવારને ધ્યાને રાખીને તે સમયે વેપારીઓને રવિવારે વેપારી પ્રવૃત્તિ કરવાની છૂટ આપવામાં આવી હતી. પણ, તે બાદ કોરોના વાયરસના કેસોમાં સતત વધારાને કારણે ફરી તેને અંકુશમાં લેવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કેટલાક નિયંત્રણકારી નિર્ણયો કરવામાં આવ્યા હતા. જેમાં રવિવારે દાહોદ સહિત સમગ્ર જિલ્લામાં વેપારી પ્રવૃત્તિ કરવાની મનાઇ ફરમાવવામાં આવી હતી.

પણ, હવે છેલ્લા એક તબક્કાથી દાહોદમાં કોરોના વાયરસના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તે બાબતને ધ્યાને રાખીને હવેથી રવિવારે પણ વેપારીઓ પોતાની દૂકાનો ખુલી રાખી શકશે એવો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ છૂટછાટો સાથે કોવિડ-૧૯ અંગે આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જેમાં વેપારધંધાના સ્થળે સામાજિક અંતરના નિયમોનું પાલન કરાવવાનું રહેશે અને ત્યાં સેનિટાઇઝરની વ્યવસ્થા રાખવાની રહેશે. આ ઉપરાંત, ગ્રાહકો માસ્ક પહેરીને આવે તે બાબતની ખાતરી કરવાની રહેશે.

## દાહોદમાં રવિવારે દુકાનો ચાલુ રાખવાના નિર્ણયથી વેપારીઓમાં ખુશી

દાહોદ,

દાહોદમાં હવે રવિવારે પણ વાણિજ્યક પ્રવૃત્તિ કરવા છૂટછાટ આપતા કલેક્ટર દાહોદમાં કોરોના વાયરસના કેસોમાં નોંધપાત્ર ઘટાડાને પગલે જિલ્લા વહીવટી તંત્રનો ર્નિણય કોરોના વૈશ્વિક મહામારી બાદ દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણના વધતાં કેસોને ધ્યાનમાં રાખી અગાઉ દાહોદ જિલ્લા કલેક્ટર દ્વારા દર રવિવારે વાણિજ્ય પ્રવૃતિઓ પર અંકુશ રાખવા માટે અને બજારમાં ભીડભાડ ઓછી રહે તેવા હેતુસર રવિવારે બજારો બંધ રાખવાના આદેશો કર્યાં હતા. ત્યારે હવે છેલ્લા કેટલાક મહિનાઓથી કોરોના કેસોમાં ઘટાડો થતાં આજરોજ દાહોદ જિલ્લા કલેક્ટર દ્વારા હવે દર રવિવારે વાણિજ્ય પ્રવૃતિઓ કરવા છુટછાટો આપતાં દાહોદ જિલ્લાવાસીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

દાહોદના વેપારીઓને એક મહત્વપૂર્ણ રાહત આપવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા ર્નિણયની જાણકારી આપતા કલેક્ટર વિજય ખરાડીએ કહ્યું હતું કે, હવેથી રવિવારે પણ વેપારીઓ વાણિજ્યક પ્રવૃત્તિ કરી શકશે.

ગત્ત દિવાળીના તહેવારને ધ્યાને રાખીને તે સમયે વેપારીઓને રવિવારે વેપારી પ્રવૃત્તિ કરવાની છૂટ આપવામાં આવી હતી. પણ તે બાદ કોરોના વાયરસના કેસોમાં સતત વધારાને કારણે ફરી તેને અંકુશમાં લેવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કેટલાક નિયંત્રણકારી ર્નિણયો કરવામાં આવ્યા હતા. જેમાં રવિવારે દાહોદ સહિત સમગ્ર જિલ્લામાં વેપારી પ્રવૃત્તિ કરવાની મનાઇ ફરમાવવામાં આવી હતી પણ હવે છેલ્લા એક તબક્કાથી દાહોદમાં કોરોના વાયરસના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તે બાબતને ધ્યાને રાખીને હવેથી રવિવારે પણ વેપારીઓ પોતાની દૂકાનો ખુલી રાખી શકશે, એવો ર્નિણય કરવામાં આવ્યો છે. આ છૂટછાટો સાથે કોવિડ-૧૯ અંગે આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે જેમાં વેપારધંધાના સ્થળે સામાજિક અંતરના નિયમોનું પાલન કરાવવાનું રહેશે અને ત્યાં સેનિટાઇઝરની વ્યવસ્થા રાખવાની રહેશે. આ ઉપરાંત, ગ્રાહકો માસ્ક પહેરીને આવે તે બાબતની ખાતરી કરવાની રહેશે. આમ, દાહોદ જિલ્લામાં ફરી દર રવિવારે વાણિજ્ય પ્રવૃતિઓ શરૂ થવાના સંદેશાઓ સાથેજ ખાસ કરીને વેપારી વર્ગ સહિત ધંધાદારી આલમમાં ખુશી જોવા મળી રહી છે અને હવે રાબેતા મુજબ પહેલાની જેમ બજારોમાં રોનક જોવા મળશે.

## દાહોદમાં બે પેઢીઓના ધાણા પાવડર અને ઠંડાપીણા સબ સ્ટાન્ડર્ડ હોવાનું સામે આવતાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ફરિયાદ નોંધાવી

દાહોદ,

દાહોદ શહેરમાં બે અલગ અલગ પેઢીઓમાં ધાણા પાવડર પેક અને ઠંડાપીણા જેવી વસ્તુઓ મિસ બ્રાન્ડેડ અને સબ સ્ટાન્ડર્ડ હોવાનું સામે આવતાં આ બે પેઢીઓ સામે દાહોદ જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા નિવાસી અધિક કલેક્ટરની કોર્ટમાં કેસ દાખલ કરતાં આ બંન્ને વેપારીઓને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવતાં લોભીયા વેપારીઓમાં ફફડાટ સાથે ચકચાર મચી જવા પામી છે.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દાહોદના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ફુડ સેફ્ટી ઓફિસર આશિષ કરાડીએ અનાજ માર્કેટ યાર્ડ, દાહોદ ખાતેથી મહારાજા ધાણા પાવડર પેક નમુનો લઈ પૃથ્થકરણ માટે વડોદરા ખાતે ફુડ એનાલીસ્ટને મોકલેલ જે મિસ બ્રાન્ડેડ સાહીત થયો હતો. આ ખાદ્ય પદાર્થનો સંગ્રહ અને વેચાણ કરવા બદલ દાહોદની પેઢીને ૨૦૦૦ અને મધ્યપ્રદેશની ઉત્પાદક (બનાવનાર) ને ૨૫૦૦૦ નો દંડ વસુલાતનો હુકમ કરતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. તો અન્ય એક કેસમાં ગરબાડા તાલુકાના શિનનગરમાં એક પેઢી પાસેથી સોફ્ટ ડ્રીક્સ (ઠંડાપીણા)નો નમુનો લીધો હતો. જે ફુડ એનાલીસ્ટ વડોદરા દ્વારા મિસ બ્રાન્ડેડ અને સબ સ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યોહતો. જેમાં ગરબાડાની પેઢીને ૪૦૦૦ અને આણંદની ઉત્પાદક પેઢી લાજવાબ બપેવરેજીસને ૪૦,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો હતો. આમ, કુલ બે કેસમાં કુલ ૭૧,૦૦૦ નો દંડ નિવાસી અધિક કલેક્ટર દ્વારા કરવામાં આવ્યો હતો.

## ફાયર સેફ્ટી વગરની અમદાવાદની ૧૫૧ હોસ્પિટલો નહિ દાખલ કરી શકે દર્દી



અમદાવાદ,

અમદાવાદમાં ફાયર સેફ્ટી મુદ્દે ચોંકાવનારા આંકડા સામે આવ્યા હતા. શહેરના ચીફ ફાયર ઓફિસરે ગુજરાત હાઈકોર્ટમાં ફાયર સેફ્ટી મુદ્દે એક સોગંદનામું રજૂ કર્યું હતું, જેમાં ચોંકાવનારા આંકડાથી ખળભળાટ મચી જવા પામ્યો હતો. ચીફ ફાયર ઓફિસરે સોગંદનામામાં આપેલી માહિતી પ્રમાણે, શહેરની ૨૨૦૦ પૈકી ૭૦૦ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી એનઓસી નહીં હોવાનો ખુલાસો થયો હકો, આ સિવાય ૨૩૮૫ પૈકી ૧૮૫ ટ્યૂશન ક્લાસમાં ફાયર એનઓસી નથી. શહેરની ૧૨૦૦ હોટલ રેસ્ટોરન્ટ પૈકી ૪૫૦માં ફાયર એનઓસી નથી. શહેરના ઘણા એવા હાઈરાઈઝ બિલ્ડીંગમાં એનઓસી ન હોવાનો ખુલાસો પણ થયો હતો. અમદાવાદમાં ૬૦ મોલ પાસે ફાયર સેફ્ટીનો અભાવ હોવાની હકીકત પણ સામે આવી હતી. આજે ગુજરાત હાઈકોર્ટે ફાયર સેફ્ટી મુદ્દે એએમસીની ઢીલી કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા અને ગુજરાત હાઈકોર્ટે એએમસીને ફટકાર પણ લગાવી હતી. આ દરમિયાન હાઈકોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો કે, અમદાવાદમાં ૧૫૧ હોસ્પિટલમાં ફાયર સેફ્ટી જ નથી. જેને લઈ હાઈકોર્ટે અમદાવાદ કોર્પોરેશનને આદેશ આપ્યો છે કે, આ ૧૫૧ હોસ્પિટલ વિરૂદ્ધ તાત્કાલિક નોટિસ ઈશ્યુ કરો. અને આ તમામ હોસ્પિટલોમાં જો ફાયર સેફ્ટી ના હોય તો દર્દી દાખલ નહીં કરી શકે. ત્યાં જ હોઈકોર્ટે તમામ હોસ્પિટલોને ફાયર સેફ્ટી મામલે ૨૪ ફેબ્રુઆરી સુધીનું અલ્ટીમેટમ પણ આપ્યું છે.

જો આ ૧૫૧ હોસ્પિટલોમાં ૨૪ ફેબ્રુઆરી સુધીમાં ફાયર સેફ્ટીનો અમલ કરવામાં ના આવે તો તાત્કાલિક ધોરણે તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવાનો હાઈકોર્ટે આદેશે આપ્યો છે. જણાવી દઈએ કે, ઓગસ્ટ ૨૦૨૦માં અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં આગ લાગી હતી. જેમા ૮ દર્દીના મોત નિપજ્યા હતા. આ હોસ્પિટલમાં ફાયરસેફ્ટીનું એનઓસી એપ્રિલ મહિનામાં પૂર્ણ થઈ ગયું હતું, અને આગ લાગી એ વખતે હોસ્પિટલમાં વેલીડ ફાયરસેફ્ટી એન.ઓ.સી નહોતી તે વાતનો ઘટસ્ફોટ કોર્ટમાં ચીફ ફાયર ઓફિસરે કર્યો હતો. કોરોનાકાળમાં ગુજરાતની કોવિડ હોસ્પિટલોમાં આગ લાગવાના બનાવોએ આખા દેશનું ધ્યાન ખેંચાયુ હતું અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકાર દ્વારા દવાખાનાઓને જરૂરી બદલાવ કરવા માટે વારંવાર નોટિસ ફટકારાઈ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 134

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## અનેક રજૂઆતો બાદ રસ્તો મંજૂર પણ

# ગોધરાના કાલાભાઈ પેટ્રોલ પંપ થી વચલા ઓઢા અને સિગ્નલ ફળીયાના એક તરફનો રસ્તો બંધ

ગોધરા,

અનેક માંગણીઓ બાદ ગોધરા નગરના કાલાભાઈ પેટ્રોલ પંપ થી વચલા ઓઢા અને સિગ્નલ ફળીયા તરફના નવિન રસ્તાની માટે ખાડા ખોદીને ચાર-ચાર માસથી ખોરંભે કામગીરી પડી છે. એક તરફનો જ રસ્તો બંધ છે અને એક રસ્તો કાર્યરત રહેતા આવતા જતા વાહન ચાલકોને અનેક મુશ્કેલીઓ વચ્ચે અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. પ્રજાને સુવિધા મેળવવા બાવાના બેઉ બગડયાનો ઘાટ સર્જાયો છે.



તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

- મહિનાઓથી રસ્તાની કામગીરી અધુરી છોડી દેવાઈ.
- રસ્તાઓ ખોદયા બાદ સામગ્રીના ઢગલા પણ રસ્તા ઉપર.
- એક તરફના રસ્તા ચાલુ રહેતા અકસ્માતની ભીતિ.
- સામ સામે વાહનો ભટકાતા હોવાના કિસ્સા.
- રાહદારીઓ અને વાહન ચાલકોને પારાવાર મુશ્કેલી.
- કામગીરી પુનઃ શરૂ કરવાની રજૂઆત પણ કામગીરી શરૂ નહીં.
- ચુંટણી ટાણે મતદારોને આકર્ષવાના પ્રયત્નો.
- ખોદાયેલા રસ્તા અને નવિન રસ્તાની સુવિધા નહીં મળતા બાવાના બેઉ બગડયાની સ્થિતી.
- વહેલીતકે કામગીરી નહી થાય તો ચુંટણી બહિષ્કારની ભીતિ.

ગોધરા નગરના વોર્ડ નં.૬ અને વોર્ડ નં.૭માં આવેલા કાલાભાઈ પેટ્રોલ પંપ સર્કલ થી વચલા ઓઢા તરફ અને સિગ્નલ ફળીયાનો રસ્તો મહત્વનો અને રાત-દિવસ વાહનોની અવરજવર થી ધમધમતો રહે છે. ઘણા સમયથી આ રસ્તાઓ ઉબડખાબડ બની ગયા હતા. ચોમાસા દરમ્યાન સામગ્રી ધોવાઈને નુકશાનગ્રસ્ત બન્યા હતા. આ બિસ્માર રસ્તાને લઈને લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા હતા. નગર પાલિકામાં સ્થાનિક રહીશો દ્વારા નવિન રસ્તા બનાવવા માટેની માંગણીઓની રજુઆત કરાઈ હતી. અનેકવાર રજુઆત કરાતાં પાલિકા એ હવે ચુંટણી માથે છે. તેવા સમયે મતદારોને આકર્ષવા સભ્યો એ જીતવાનો પેતરો રચીને છેલ્લા ચાર માસ પૂર્વે કાલાભાઈ પેટ્રોલ પંપ સર્કલ થી વચલા ઓઢા અને સિગ્નલ ફળીયાનો રસ્તો મંજૂર કરાવ્યો હતો. રસ્તાઓ બનાવવા માટે કોન્ટ્રાકટરે રોડની એક તરફ એક એક ફૂટ ખોદી કાઢવામાં આવ્યા છે. અને મહિનાઓથી કપચી મેટલના ઢગલા રસ્તાની મધ્ય ભાગમાં રચી દેવાયા છે. રસ્તાની સુવિધા મળશે તેની આશાથી લોકોને આનંદ વ્યાપ્યો છે પરંતુ ચાર ચાર માસ જેટલો લાંબો સમય વિતવા છતાં કામગીરી અધુરી મૂકી રાખવામાં આવતા લોકો નારાજ છે. આ બંન્ને વિસ્તારના એક એક બાજુના રસ્તા ખોદેલા ખાડાને લીધે બંધ છે. માત્ર એક જ રસ્તો ચાલુ છે જ્યાંથી આવવા અને જવા માટે ઉપયોગમાં લેવાઈ રહ્યો છે.

ચાર ચાર માસ થી માત્ર પ્રજાને ખુશ રાખવા રસ્તાની કામગીરી શરૂ કરાઈને કોણ જાણે કેમ કામગીરી અધુરી છોડી દેવાઈ છે. તે એક તપાસનો વિષય બન્યો છે. એક તરફનો એક એક ફૂટના રસ્તાઓ ખોદી દેવાયા છે. જેનાથી લોકોને રસ્તો ઓળંગવો મુશ્કેલ બને છે. રાત્રિના સમયમાં આ ખાડાઓ આવતા જતા રાહદારીઓ ગરકાવ થવાના બનાવો બની રહ્યા છે. એક તરફનો રસ્તો બંધ છે. જ્યારે બીજો રસ્તો જે ચાલુ છે તેના ઉપર થી આવતા જતા વાહન ચાલકો ઉપયોગમાં લેવાતા અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. થોડા દિવસો પૂર્વે અનેક વાહનો સામસામ ભટકાયાના પણ બનાવ બનતા લોકો ભારે યાતના વેઠી રહ્યા છે. ખોરંભે પડેલી કામગીરી પુનઃ શરૂ કરવા અંગે સ્થાનિક ત્રસ્ત લોકો એ નગર પાલિકામાં રજુઆત કરતા માત્ર બાંહેધરી આપી છે પણ કામગીરી પુનઃ શરૂ કરવામાં ઉદાસીનતા દાખવાઈ રહી છે. જેનાથી પ્રજાની અને વાહન ચાલકોને સમસ્યા ઘેરી બનતા નારાજગી છવાઈ છે. શું એક તરફનો રસ્તો બંધ રાખીને કામગીરી શરૂ કરવા શું ચુંટણીની રાહ જોવાઈને મતદારોને આકર્ષવાનો પેતરો હોવાની લાગણી વ્યાપી છે.

### કોન્ટ્રાકટર ગુમ થયાની પ્રજામાં ચર્ચા

આ વિસ્તારના રસ્તાની માંગણી લાંબા સમય થી હતી. જેથી અનેક રજુઆતો બાદ રસ્તો મંજૂર કરીને ઠેરઠેર ખોદકામ કરવામાં આવ્યું છે. પહેલા જેમ જેમ રસ્તા બનાવવાની કામગીરી આગળ ધપાવવાની હોય તેમ તેમ ખોદકામ કરવાનું હોય છે. કામગીરી પ્રગતિ છે તે અંગેનું બોર્ડ પણ મારવામાં નહી આવતા ઘરની અને દુકાન બહાર લોકોને વિપદા વેઠવી પડી રહી છે. જો રસ્તો શરૂ નહી કરાય તો ટૂંક સમયમાં કોન્ટ્રાકટર ગુમ જેવા બેનર લાગે તો નવાઈ નહીં. તેવી પ્રજામાં અંદરો અંદર ચર્ચાઓ થઈ રહી છે.

# શહેરાની અમુક ખાનગી શાળાઓ દ્વારા વાર્ષિક ફી વાલીઓ પાસેથી વસુલાતા નારાજગી

શહેરા,

કોરોનાના કહેર વચ્ચે શહેરા મા આવેલ અમુક ખાનગી શાળા દ્વારા વાલીઓ પાસે હાલમાં શિક્ષણ ફી પૂરી વર્ષની લેવામાં આવતા વાલીઓ મા નારાજગી જોવા મળી હતી. વાલીઓ અને વિદ્યાર્થીઓ ના હિત માટે શિક્ષણ વિભાગ સહિતનુ સબંધિત તંત્ર આ બાબતે મીઠી નજર ન રાખીને યોગ્ય તપાસ કરે તે જરૂરી બન્યુ છે.

શહેરામાં કોરોના ના કારણે અનેક લોકોના ધંધા રોજગાર ને અસર પડી હોવા સાથે શાળાઓમાં પ્રથમ સત્રનું શિક્ષણકાર્ય બંધ રહેતા વિદ્યાર્થીઓ શાળામાં જતા ન હતા. અમુક ખાનગી શાળાઓમા શિક્ષણકાર્ય શરૂ હોવાથી નગર અને ગ્રામ્ય વિસ્તારમાંથી પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ મળે તે માટે વાલીઓ પોતાના બાળકોને અભ્યાસ માટે મોકલતા હોય છે. નગર વિસ્તાર મા આવેલ અમુક ખાનગી શાળામાં વાલીઓ પાસે હાલમાં શિક્ષણ ફી પૂરી લેવામાં આવી રહી છે. કોરોનાના કારણે વિદ્યાર્થીઓ કેટલાક મહિનાઓ સુધી શાળા માં આવતા ન હોવા છતાં અમુક ખાનગી શાળા દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં થોડી શિક્ષણ ફી ઓછી લેવાની જગ્યાએ પૂરી શિક્ષણ ફી વર્ષની લેવામાં આવતા વાલીઓમાં નારાજગી જોવા મળી હતી. નગર વિસ્તારમાં આવેલ અમુક ખાનગી શાળામાં જે રીતે વાલીઓ પાસેથી કોરોના ના કહેર વચ્ચે શિક્ષણ ફી વર્ષની પૂરેપૂરી લેવામાં આવી રહી હોવા છતાં સંબંધિત તંત્ર આ સામે તપાસ કરવાની જગ્યાએ મીઠી નજર રાખતા હોવાનું વાલીઓમાં ચર્ચાઈ રહયુ છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ, શિક્ષણ વિભાગ તેમજ જિલ્લા કલેકટર સહિત લાગતા વળગતા તંત્ર દ્વારા જે ખાનગી શાળાઓમાં વાલીઓ પાસે પૂરી ફી લેવામા આવી જોઈએ કે નહી તેની તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી આશા વાલીઓ સાથે જાગૃત નાગરીકો રાખી રહયા છે. વાલીઓ પોતાના સંતાનોનુ શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે ના છૂટકે શિક્ષણ ફી વર્ષની હાલમાં પણ ભરી રહયા છે. ત્યારે જિલ્લામાં આવેલ અમુક ખાનગી શાળામાં શિક્ષણ ફી ઓછી લેવામાં આવી હોય તો અહી આવેલ અમુક ખાનગી શાળાઓમાં વર્ષની ફી પૂરી લઈ શકાય ખરી ? હાલની પરિસ્થિતિને જોતા વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં સબંધિત તંત્ર ઉપરોકત બાબતને ગંભીરતાથી લેશે કે પછી હોતી હૈ ચાલતી હે તેમજ ચાલશે તેતો જોવુજ બન્યુ છે.

### અમુક ખાનગી સ્કુલમાં હાલમાં વર્ષની પૂરી ફી લેવામાં આવે છે

શહેરા વિધાન સભા વિસ્તારના લોક પ્રિય ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પર પ્રજાજનો આંખ મીચીને વિશ્વાસ કરે છે. ત્યારે કોરોના ના કહેર વચ્ચે તેમના વિસ્તાર માં આવેલ અમુક ખાનગી શાળા દ્વારા આખા વર્ષની ફી હાલમાં લેવામાં આવી રહી છે. જેની સામે વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે વિસ્તારના લોક પ્રશ્નો ને વાંચા આપવા માટે સદા તત્પર રહેતા ધારાસભ્ય તરફ લોકો મીટ માંડી ને બેઠા છે અને તેઓ આ બાબતે યોગ્ય તપાસ કરાવે તેવી આશા વાલીઓ રાખી રહયા છે.

### ધારાસભ્ય વાલી વ્યથાને વાચા આપવા રસ દાખવશે ?

# ચુંટણીને અનુલક્ષીને પંચમહાલ ભાજપાની સંકલન સમિતિની બેઠક યોજાઈ

ગોધરા,

આગામી જીલ્લા પંચાયત- તાલુકા પંચાયત અને ગોધરા નગર પાલિકાની ચુંટણીને અનુલક્ષીને ભાજપા દ્વારા આયોજીત સંકલિત સમિતિની બેઠકમાં દાવેદારોની પેનલ બનાવીને નામો અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી.

ટૂંકાગાળામાં પંચમહાલ જીલ્લા પંચાયત તથા સાત તાલુકા પંચાયત અને ગોધરા નગર પાલિકાની ચુંટણી જાહેર થવાની છે. તે પૂર્વે ભાજપા દ્વારા જુદા જુદા સ્થળો એ ઉમેદવારોની પસંદગી કરવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સેન્સ પ્રક્રિયા અંતિમ પડાવમાં છે. હાલમાં ભાજપનું સર્વત્ર શાસન છે. જેથી ભાજપામાં સત્તાના ભાગીદાર બનવા માટે એક બેઠક ઉપર સાત થી ૧૦ જેટલા દાવેદારો દ્વારા ટિકિટની માંગણી કરાઈ છે. બેઠક દીઠ ઉમેદવારોનો રાફડો ફાટતા પસંદગી કરવી પણ ભાજપાના નિરીક્ષકોને મૂંઝવણ વધી ગઈ છે. કોને કાપવા અને કોને ટિકિટ ફાળવવી તેનો નિર્ણય લેવા પંચમહાલ ભાજપા દ્વારા સંકલન સમિતિની બેઠક ગોધરામાં કમલમ્ ખાતે મળી હતી. જેમાં જીલ્લા પ્રભારી રામસિંહ રાઠવા, નિરીક્ષક પરાક્રમસિંહ જાડેજા તથા જીલ્લા પક્ષ પ્રમુખ અશ્વિનભાઈ પટેલે જુદા જુદા સ્થળેની બેઠકો ઉપર રજૂ થયેલ દાવેદારોની પેનલ બનાવાઈ છે. પાંચ સંભવિત ઉમેદવારોના નામોની પેનલ તૈયાર કરવાની ચર્ચા-વિચારણા હાથ ધરી હતી. જેમાં ગોડફાધરોની ભલામણ તથા પક્ષના ચિહ્ન ઉપર ચુંટણી જીતી શકે તેવા મજબૂત ચહેરાઓની ચર્ચા કરીને પેનલ બનાવીને તેમાંથી એકની પસંદગીની ઝટીલ પ્રક્રિયાને આખરી ઓપ આપવામાં આવનાર છે. જેમાં આગામી ચુંટણીમાં જીતી શકે તેવા ઉમેદવારોની પસંદગી કરવામાં આવનાર છે.

### દાવેદારોના નામોની પેનલ બનાવવા ચર્ચા-વિચારણા.

# કાલોલ નગર પાલિકા પાસે લાઈટના થાંભલા ઉપર વાનરના બચ્ચાને કરંટ લાગતા વાનર માતાએ કલ્પાંત કરી મૂકયું



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ શહેરમાં શુક્રવારે સાંજે પાલિકા ભવન સામે આવેલા બજારમાં એક લાઈટના થાંભલા પર ઉછળકુદ કરતા એક વાનરના નાના બચ્ચાની પુંછડીના ભાગે ઈલેક્ટ્રીક વાયર અડી જતા કરંટ લાગવાથી બેશુદ્ધ જેવું થઈ ગયું હતું અને થાંભલા ઉપર જ ફસાઈ ગયું હતું. જેથી એ વાનર બચ્ચાની વાનરમાતાએ એ બજાર વિસ્તારમાં ચિચિયારીઓ પાડી કલ્પાંત કરી મુક્તા આખું બજાર માથે લીધું હતું અને બચ્ચાને બચાવવા માટે આજુબાજુના છાપરા અને વીજ થાંભલાની આજુબાજુ ચઢીને પોતાના બચ્ચાની નજીક જવાનો અવિરત પ્રયત્ન કરી બચ્ચાને બચાવવાના પ્રયત્નો ક્ર્યા હતા. આ સમગ્ર ઘટના અંગે સ્થાનિક વેપારીઓએ પાલિકા અને જીઈબીને જાણ કરી આ વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરાવી પાલિકાના ઉપસ્થિત સભ્યોએ ફાયરફાઈટરની મોટી ટ્રોલી લાવી થાંભલા પર ફસાયેલા બચ્ચાને બચાવવાનો પ્રયાસ કર્યો પરંતુ વાનરમાતાના આક્રંદ અને કુદાકુદ સામે સૌ કોઈ ડરતા હતા. જોકે અંતે એક સ્થાનિક દુકાનદારે હિંમત કરી લાકડી સાથે રાખી સીડી વડે થાંભલા પર ફસાયેલા બચ્ચા પાસે પહોંચી થોડેદુરથી લાકડી વડે વાનરના બચ્ચાને ખસેડતા બચ્ચાએ ઊંહકારો ભરતા પોતાના બચ્ચાને જીવતું જોઈ તેની માતાએ કૂદકો મારીને થાંભલા પર ચઢી પોતાના નાના બચ્ચાને છાતી સરસો ચાંપી ઉપાડી લઈ રવાના થઈ જતા સૌએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે કરન્ટ લાગવાથી નાના બચ્ચું બેભાન થઈ જતા ફસાઈ ગયું હતું. પરંતુ આખી ઘટનામાં એક વાનર માતાનો પોતાના સંતાન માટે માતૃપ્રેમ જોઈને સૌ કોઈ ચકીત થઈ ગયા હતા.

# પાવાગઢ દર્શન માટે આવેલ એમ.પી. બડવાની જીલ્લાના ૫૦ વર્ષીય આધેડનું કુદરતી રીતે મોત

પાવાગઢ,

હાલોલ-પાવાગઢ યાત્રાધામ ખાતે દર્શન અર્થે આવેલ એમ.પી. બડવાનીના ૫૦ વર્ષીય આધેડ ડુંગર ચડતી વખતે કુદરતી રીતે મરણ જતાં આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ-પાવાગઢ યાત્રાધામ ખાતે એમ.પી.ના બડવાની જીલ્લાના મુઠીયાપુરા ગામે રહેતા રમેશભાઈ કાલુભાઈ બડોલે માતાજીના દર્શન માટે આવ્યા હતા. અને દર્શન માટે ડુંગર ઉપર ચડતી વખતે કુદરતી રીતે મરણ જતાં આ બાબતે પાવાગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# મોરવા(હ)ના ખુદરા માર્ગ ઉપર ઝાડ પડતા વાહન ચાલકો પરેશાન



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ),

મોરવા હડફ તાલુકાના કુવાઝર ચોકડી થી ખુદરા ગામે માર્ગ પર ઝાડ પડી જતા વાહન ચાલકો ને મુશ્કેલી પડી.

કુવાઝર ચોકડી થી ખુદરા ગામે માર્ગ પર ઝાડ પડી જતા વાહન ચાલકો મુશ્કેલી ઓનો સામનો કરવો પડચો ડમફર નાં ઉપર ના ભાગે ઝાડ ને અડતા ઝાડ રોડ ઉપર પડી જતા રસ્તો બ્લોક થતાં ૨૦ મિનિટ વાહન ચાલકો મુશ્કેલી ઓનો સામનો કરવો પડ્યો હતો. અને તે માર્ગ તદ્દન બિસ્માર્ક હાલત મા થયેલ હોવા ના કારણે વાહન ચાલકો ને વાહન ચલાવવો મુશ્કિલ બનતું હોય છે.

# ઘોઘંબના ખાનપાટલા ગામે બાઈક ઉપર લઈ જવાતા દારૂ સાથે એક ઈસમ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ખાનપાટલા ગામે રોડ ઉપર દામાવાવ ગામ પાસે રોડ ઉપર દામાવાવ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી નંબર વગરની બાઈકને રોકી હતી અને તપાસ કરતાં બાઈક ઉપર રાખેલ થેલીમાંથી ઈંગ્લીશ દારૂ કવાટરીયા નંગ-૪૮ કિંમત ૪૦૮૦/- તથા બાઈક સાથે ૮૪,૦૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે હરેશ રમેશસીંહ ચૌહાણને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# વડોદરા-હાલોલ રોડ પર કારમાંથી દારૂ સાથે ૧.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત

વડોદરા,

વડોદરા હાલોલ હાઈવે પર નંબર પ્લેટ વગરની કારમાં ચોર ખાનુ બનાવીને દારૂ સાથે પસાર થઈ રહેલા બે શખસોને વાઘોડિયા પોલીસે ઝડપી પાડયા હતા. દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂનો જથ્થો મોબાઈલ ફોન અને કાર સહિત ૧.૪૩ લાખની મત્તા કબજે કરી હતી. વાઘોડિયા પોલીસને બાતમી મળી હતી કે, નંબર વગરની કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો હાલોલથી વડોદરા તરફ જવાનો છે, જેના આધારે પોલીસે જાંબુડિયાપુરા ગામના પાટિયા પાસે વોચ ગોઠવી હતી અને બાતમી મુજબની કાર ત્યાંથી પસાર થતાં તેને કોર્ડન કરીને અટકાવી હતી.

# ૩૨મા રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ માર્ગ અંતર્ગત સરકારી ડ્રાઈવરોને ટ્રાફિકના નિયમો સમજાવ્યા



ગોધરા,

પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક તથા આરટીઓના માર્ગદર્શન હેઠળ કલેકટર કચેરી સભાખંડમાં તે ૩૨માં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ માર્ગ અન્વયે જિલ્લાના તમામ વિભાગના સરકારી ડ્રાયવરો ને બોલાવીને ટ્રાફિક અંગેના નિયમોની જાણકારી આપવામાં આવી તેમજ ટ્રાફિકના નિયમોનું પાલન કરીશું તેવા બધા ને શપથ લેવડાવવામાં આવ્યા.

આ બાબતે તાલીમ આરટીઓ ઈન્સપેકટર ચૌધરી પીએસઆઈ જે.એન. ગઢવી તથા સીટી ટ્રાફિક પીએસઆઈ આર.ડી ચૌધરી નાઓએ આ અંગે ડ્રાઈવરોને માર્ગદર્શન તેમજ વકતવ્ય પૂરૂ પાડયું.

### ACB એ ૧૦ હજારની લાંચમાં બે કર્મચારીને પકડયા હતા

# કાલોલ મામલતદાર કચેરીના સર્કલ ઓફિસરને લાંચ કેસમાં ૩ વર્ષની સજા

કાલોલ,

કાલોલ તાલુકાના પલાસા ગામે રહેતાં ફરીયાદીના પિતા ગુજરી જતાં તેઓએ કાલોલ મામલતદાર કચેરીમાં ૩/૯/૨૦૧૨ ના રોજે વારસાઈ હક પત્રકમાં નામો દાખલ કરવા અને અન્ય નામો કમી કરવા માટે અરજી કરી હતી. જે અરજી સંદર્ભે મામલદારે હક પત્રકમાં કાચી નોંધ પાડી હતી. જે કાચી નોંધને પાકી નોંધ કરવા જે તે વખતનના કાલોલ મામલદાર કચેરીના સર્કલ વિરસિંહ સરદારસિંહ બારીયાએ ૧૫ હજારની લાંચની માંગણી કરી હતી. ફરીયાદીએ એસીબી પોલીસ મથકે ફરીયાદ નોધાવતાં એસીબીના છટકામાં સર્કલ ઓફિસર વિરસીંહ બારીયા તથા રસુલભાઈ નિઝામભાઈ પઠાણ ઝડપાઈ ગયા હતા. જે ફરીયાદનો કેસ હાલોલ કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં બીજા નંબરના આરોપી રસુલભાઈ પઠાણ ગુજરી ગયા હતા . હાલોલ કોર્ટમાં સરકારી વકીલ લતાબેન આર. શેઠની દલીલો અને જરૂરી પુરાવાના આધારે હાલોલ કોર્ટના જજે સર્કલ ઓફિસર વિરસિંહ બારીયાને ૩ વર્ષની સજા અને ૫ હજારના દંડનો હુકમ કર્યો હતો.